कर भला होगा भला
- છગનભા

વર્ષ : 2 ✦ અંક : 5
સપ્ટે.-ઓક્ટો. 2012
સળંગ અંક : 11

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

'અહિંસા તો સમાજના કલ્યાણને અર્થે ઇરાદાપૂર્વક પાળવામાં આવતો ત્યાગ અથવા સંયમ છે. એટલે એ તો અતિશય સક્રિય શુદ્ધિકારક આત્મબળ છે. ઘણી વાર તે અહિંસકના આર્થિક સ્વાર્થની વિરુદ્ધ હોય છે. કદાચ તેમાં તેને પારાવાર આર્થિક નુકસાન પણ હોય. તેના મૂળમાં આત્મબળ છે, નબળાઈ નથી. ....વસ્તુસ્થિતિ એ છે કે અહિંસાનો 'ન મારવું એટલો જ માત્ર અર્થ નથી. હિંસા એટલે ક્રોધ અથવા સ્વાર્થને વશ થઈને અથવા તો સામેની વ્યક્તિનું અનિષ્ટ કરવાના ઇરાદાથી તેને દુઃખ દેવું અથવા તેના દેહનો નાશ કરવો. તેમ ન કરવું તે અહિંસા.'

– ગાંધીજી, નવજીવન. તા. ૩૦/૧૦/૨૬ અને તા. ૧૯/૯/૨૬

✶

સત્ય એટલે કુદરતનો નિયમ અને તેને જાણવાનું એક માત્ર સાધન તે અહિંસા, એટલે સત્યનો સાક્ષાત્કાર, વ્યાપક વિશ્વચૈતન્યનો અનુભવ કે દર્શન. એ માત્ર પૂર્ણ અહિંસાપાલનથી જ થઈ શકે. આ પૂર્ણ અહિંસાને વ્યક્તરૂપે ન પણ જાણી શકાય.... અહિંસા એ માત્ર સાધન નથી પણ માનસિક સ્થિતિ છે જે અમુક પ્રકારના માનસિક વિકાસ વિના પ્રાપ્ત થતી નથી. એ વિશુદ્ધ જીવનનો અમુક કક્ષાએ પ્રાપ્ત થતો ગુણવિશેષ છે, તેની પૂર્ણતા એટલે સત્યનું દર્શન.

– દક્ષા પટ્ટણી






કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત યુવા મહોત્સવ સંગત – ૨૦૧૨ પ્રસંગે
આયોજિત ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો



યુવા મહોત્સવ સંગત – ૨૦૧૨નું દીપપ્રાકટ્ય કરી ઉદ્‌ઘાટન કરતા મંચસ્થ મહાનુભાવો
સર્વશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, શ્રી જય વસાવડા વગેરે

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૨, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૨; સળંગ અંક : ૧૧

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## અનુક્રમ


- સંપાદકીય — મણિભાઈ પ્રજાપતિ — ૧
- ૧. રોજિંદા જીવનનું વ્યાકરણ — નગીનદાસ પારેખ — ૩
- ૨. 'હું છું શિક્ષક' — ઉમાશંકર જોશી — ૬
- ૩. પદ્મશ્રી ભોળાભાઈને કાવ્યાંજલિ — પ્રા. જાદવજીભાઈ પટેલ — ૯
- ૪. અને ફરજ તરતી રહી — મોહનલાલ પટેલ — ૧૦
- ૫. The Dwindling Leadership Quotient in India's Higher Education... — Dr. D.A. Ghanchi — ૧૩
- ૬. લોકશાહીના રખેવાળો — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૨૫
- ૭. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૨૭
  - રવીન્દ્ર સંચયિતા
  - Nurturing Institutional Excellence : Indian Institute of Management
- ૮. સંસ્થા સમાચાર — ૩૪
  - યુનિવર્સિટી કૉલેજ વિભાગ
  - શાળા વિભાગ


## સંપાદકીય

મહામાનવ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ ઑક્ટોબરને 'અહિંસા દિન' તરીકે ઊજવવાનું સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ ૨૦૦૭ થી ઘોષિત કરવામાં આવતાં આ દિવસ વિશ્વમાં 'અહિંસા દિન' તરીકે ઊજવવામાં આવે છે. સંયુકત રાષ્ટ્રસંઘનો આ ઠરાવ ગાંધી જીવનદર્શન – તેમના આચારવિચારમાં આસ્થાનો પ્રતીતિકારક બની રહે છે, કારણ કે પ્રવર્તમાનકાલીન વૈશ્વિક સમસ્યાઓ જેમકે આતંકવાદ, ધાર્મિક આતંકવાદ, સાંસ્કૃતિક આતંકવાદ, સંકીર્ણ રાષ્ટ્રવાદ, પ્રાદેશિકતાવાદ, જાતિવાદ, નૈતિક – આર્થિક ભ્રષ્ટાચાર વગેરે કે જે માનવજાતિ માટે ખતરારૂપ – અભિશાપરૂપ બની રહ્યાં છે તેને વૈચારિક કક્ષાએથી જ નિર્મૂળ કરવા માટેનો એક માત્ર વિકલ્પ ગાંધી ચીંધ્યો માર્ગ જ સાનુકૂળ જણાય છે. આ સંદર્ભે સર્વોદય અગ્રણી ચુનીભાઈ વૈદ્યે વિશ્વના પ્રખર બૌદ્ધિકોનું મંતવ્ય ટાંકીને જણાવ્યું છે કે "દુનિયાના ૫૩ નોબેલ પારિતોષિક વિજેતાઓએ એક નિવેદન ઉપર સહી કરી આજની ભોગવાદી સંસ્કૃતિને

પત્રવ્યવહારનું સરનામું

મણિભાઈ પ્રજાપતિ : ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

માનવભક્ષી કહી અને સાફ સાફ શબ્દોમાં કહ્યું કે ગાંધી–વિચાર વિના દુનિયાને ઊગરવા આરો નથી.''

'A Study of History' (૧૯૩૪ - ૧૯૬૧, ૧૨ vols.) જેવા વિશ્વપ્રસિદ્ધ ગ્રંથના કર્તા ઇતિહાસવિદ્ આર્નોલ્ડ ટોયન્બીએ પણ પોતાના એક અન્ય ગ્રંથ 'Surviving the Future' માં તેમણે વર્તમાન પ્રશ્નોના ઉકેલ અને મંગળમય ભાવિ માટે 'Go Back to Gandhi' અર્થાત્ ગાંધી મૂલ્યો તરફ વળવા જણાવ્યું છે. આ ઉપરાંત ટોયન્બીએ 'One World and India' (૧૯૬૦)માં ભારતીય સાંસ્કૃતિક વારસાને ધ્યાને લઈ સ્પષ્ટ જણાવ્યું છે કે ''At this supremely dangerous moment in history the only way of salvation for mankind is the Indian way.'' આમ, વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ અર્થે તેમજ માનવકલ્યાણ પથગામી વિશ્વશાંતિ માટે ગાંધીજીએ અપનાવેલ સત્ય અને અહિંસાનો માર્ગ શ્રેયસ્કર બની રહે છે.

ગાંધીજીના 'સત્યાગ્રહ'ના પ્રયોગો આદર્શ નહીં, પરંતુ વ્યવહાર જીવન – વાસ્તવના ધરાતલ ઉપરથી પસાર થયેલા હોવાથી વધારે પ્રતીતિકારક બની રહે છે. તેઓશ્રી સત્યના આજીવન ઉપાસક રહ્યા હતા. તેમના માટે સત્ય એ સાધ્ય હતું, જ્યારે અહિંસા એક સાધન હતું. સાધ્યની સિદ્ધિ માટે સાધનશુદ્ધિના પણ તેઓ ભારે આગ્રહી હતા. તેમના જીવનમાં સત્ય અને અહિંસા એકબીજાનો પર્યાય બની રહેલ. અહિંસાનો શાબ્દિક અર્થ કોઈ જીવની હિંસા – હત્યા ન કરવી – મારવું નહિ તેવો થાય. પરંતુ ગાંધીજીને મન અહિંસા એટલે ''કોઈને ન જ મારવું એ તો છે જ, કુવિચાર માત્ર હિંસા છે, ઉતાવળ હિંસા છે, કોઈનું બૂરું ઇચ્છવું હિંસા છે.... અહિંસા એટલે વિશ્વપ્રેમ, જીવમાત્રને વિશે કરુણા ને તેમાંથી ઉત્પન્ન થતી પોતાના દેહને હોમવાની શક્તિ.'' આમ અહિંસાનો ગુણ અંતઃકરણની – હૃદયની શુદ્ધિ ઉપર આધારિત છે. આ ગુણ માટે કેળવણી અને દૃઢ ઇચ્છા – શક્તિ જરૂરી બની રહે છે.

ભારતીય સંસ્કૃતિ – આપણા આર્ષગ્રંથો 'अहिंसा परमो धर्मः' થી અનુપ્રાણિત થયેલા છે. જૈન અને બૌદ્ધધર્મ તો અહિંસા અને કરુણાના પાયા ઉપર સ્થિત છે. મહાભારતમાં પ્રસંગોપાત્ત અહિંસાધર્મના પાલન ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેના અનુશાસનપર્વ (૧૧૫/૨૩) માં અહિંસાને જ ધર્મ, તપસ્યા અને સત્ય માનવામાં આવ્યાં છે.

**अहिंसा परमो धर्मस्तथाहिंसा परं तपः ।**
**अहिंसा परम सत्यं यतो धर्मः प्रवर्तते ॥**

ગાંધીજીએ પણ કહ્યું હતું કે 'Truth and non-violence are as old as the rocks, I have nothing new to teach the world.' – આમ છતાં, તેમનું અહિંસાદર્શન પોતાનું આગવું હતું. અહિંસા એટલે પોતાને થઈ રહેલા અન્યાય કે જુલમનો પોતાને ખ્યાલ હોવા છતાં ભયના લીધે તેનો સામનો ન કરે તેને બાપુ નીચામાં નીચી અહિંસા ગણતા, જ્યારે તેમને મન ઊંચામાં ઊંચી અહિંસા એ કે કોઈ સબળ વ્યક્તિ મન, વચન અને કર્મથી નિર્ભયતાપૂર્વક અહિંસાની ભાવનાને જીવનધર્મ તરીકે અપનાવે. બાપુએ સત્યાગ્રહીઓને મનમાંથી કોઈપણ પ્રકારનો ભય દૂર કરી નિર્ભય થઈ સત્યનું આચરણ કરવાની તેમજ પોતે આચરેલ ગુનાનો સ્વીકાર કરવા અને સબબ સજા ભોગવવા તૈયાર રહેવાની પ્રેરણા પૂરી પાડી હતી. આ હેતુસર બાપુ સત્યાગ્રહીઓની કેળવણી માટે આશ્રમ સ્થાપનાને આવશ્યક ગણતા હતા. બાપુ કહેતા કે 'સાચી શક્તિ જન સત્યની ને તેમની – અહિંસાની છે. એ જ્યાં હોય ત્યાં બધું છેવટે સરખું ને અનુકૂળ થાય છે એ નિર્વિવાદ સિદ્ધાંત છે. ....હું માનું છું કે આ જગતમાં જ્યાં ઈશ્વર કહો કે સત્ય કહો, તે સિવાય બીજું કંઈ જ નિશ્ચિત નથી.... સત્યના આગ્રહ સિવાય મારામાં બીજી કોઈ શક્તિ નથી. સત્યના આગ્રહમાંથી જ અહિંસા પણ નીકળી છે.'

**– મણિભાઈ પ્રજાપતિ**

# રોજિંદા જીવનનું વ્યાકરણ

નગીનદાસ પારેખ

ગાંધીજીએ પોતાના એક જીવન દરમિયાન અનેક જીવનોનાં કાર્યો પતાવ્યાં. ભારત જેવા વિશાળ દેશને બ્રિટિશ સલ્તનતની નાગચૂડમાંથી છૂટવામાં મદદ કરી, ભારતની સ્ત્રીઓને જાણે જાદુથી ન હોય એમ પુરુષોની હરોળમાં મૂકી દીધી, અને અણુશસ્ત્રથી ત્રાસેલા જગતને આત્મબળનું હથિયાર આપ્યું. એમણે ભારતને સ્વરાજનો એક નકશો પણ આપ્યો હતો, જેને આજે આપણે વિસારે નાખ્યો છે. પણ એમનાં આ બધાં મોટાં ને મહત્ત્વનાં કાર્યોને બદલે એમના રોજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશે જ બે વાત હું કહેવા માગું છું.

ગાંધીજી સાચા અર્થમાં લોકનેતા હતા. તેઓ લોકોને દોરતા હતા, લોકોથી દોરાતા નહોતા. આપણા જીવનમાં એમણે કેટલીક ઊણપો જોઈ હતી અને એમના ઇંગ્લૅંડવાસે એ બધીનું એમને તીવ્ર ભાન કરાવ્યું હતું. તે ઉપરથી એમણે પ્રચંડ પુરુષાર્થપૂર્વક પોતાના જીવનમાંથી એ ઊણપોને દૂર કરી નવી ટેવો પાડી હતી. અને આપણી આખી પ્રજામાં તેને વ્યાપક બનાવવા તેઓ જીવનભર મથ્યા હતા. એ માટે એમણે આવા કેટલાક આગ્રહો ઉપર ખૂબ ભાર મૂક્યો હતો :

૧. પહેલો આગ્રહ સમયપાલનનો. આપણા દેશમાં કોઈ સભાનું કામ જાહેર કરેલે સમયે ભાગ્યે જ શરૂ થતું. આજે પણ હંમેશાં થાય છે, એમ નથી. સેંકડો કે હજારો માણસોનો સમય બગડે, એની જાણે આપણને કિંમત જ નથી. પણ ગાંધીજી આ બાબતમાં ખૂબ ચાનક રાખતા હતા. જે સમય જાહેર થયો હોય તે સમયે કાર્ય શરૂ થવું જ જોઈએ, એવો એમનો આગ્રહ રહેતો. ગોધરામાં અંત્યજ પરિષદ મળી ત્યારે લોકમાન્ય તિલક અર્ધો કલાક મોડા આવ્યા હતા. તે જ વખતે ગાંધીજીએ કહ્યું કે, સ્વરાજ અર્ધો કલાક મોડું થયું !

સમયપાલનનો એક બીજો અર્થ પણ થાય છે. અને તે એ કે નીમેલે વખતે નીમેલું કામ કરવું. અમુક વખતે ઊઠવું, અમુક વખતે ફરવા જવું, અમુક વખતે ઉપાસના કરવી, અમુક વખતે ભોજન લેવું, અમુક વખતે મુલાકાત આપવી વગેરે. આ બધું એ ખૂબ કાળજીપૂર્વક પાળતા. જેને જે વખતે મુલાકાતનો સમય આપ્યો હોય તેને તે વખતે અંદર બોલાવતા, અને સમય પૂરો થતાં ઘડિયાળ બતાવતા. આટલા બધા કામગરા હતા છતાં એમણે કદી ઉપાસના કે ફરવાનું છોડ્યું હોય એવું બન્યું નથી. વિલાયત ગયા હતા ત્યારે ત્યાંની ઠંડી અને ધુમ્મસમાં પણ એ ફરવા નીકળતા હતા. એને એ શરીર પ્રત્યેની પોતાની ફરજ સમજતા હતા. જે શરીર પાસે આપણે કામ લેવાનું છે, તેના સ્વાસ્થ્ય માટે આવશ્યક એવો વ્યાયામ એને આપવો જ જોઈએ.

૨. એમનો એક આગ્રહ સ્વચ્છતા વિશેનો હતો. અસ્વચ્છતા એ આપણા દેશનો વ્યાપક રોગ છે. આપણા અંગત જીવનમાં સ્વચ્છતા હોય છે, પણ સામૂહિક જીવનમાં એ જોવા મળતી નથી. આ આપણી અસ્વચ્છતા સામે ગાંધીજી જીવનભર ઝૂઝ્યા. એમણે સ્વચ્છ જીવનનો કેવળ ઉપદેશ જ ન કર્યો, એના દાખલા પૂરા પાડ્યા. પાયખાનાં અને મુતરડીઓ, રસોડાં અને ખાતરના ખાડા કેવાં હોય

અને કેમ સ્વચ્છ રખાય એ એમણે પ્રત્યક્ષ કરી બતાવ્યું. જાજરૂની સફાઈને એમણે સંસ્થાની કસોટી બનાવી મૂકી.

૩. એ પછી સાદાઈ અને કરકસર આવે. ગાંધીજીએ પોતાને ગરીબ ભારતના પ્રતિનિધિ માનેલા, એટલે એમણે પૂરી સાદાઈથી જીવન વિતાવ્યું. વિલાયત જવા ઊપડ્યા ત્યારે સાથે મહાદેવભાઈ, પ્યારેલાલ, દેવદાસ વગેરેએ ચામડાની બૅગો ભરીને સામાન લીધો હતો. સ્ટીમર ઊપડ્યા પછી ગાંધીજીએ જડતી શરૂ કરી. અને જે પુણ્યપ્રકોપના લાવાનો ધોધ વહેવડાવ્યો, તે આ બધાનાં આંસુથી પણ ઠર્યો નહિ. એડનથી વધારાની બધી ટ્રંકો અને વધારાનો સામાન પાછો દેશ મોકલ્યો ત્યારે જ જંપ્યા. ‘‘હું ભારતનાં દીનજનોનો પ્રતિનિધિ. મારા મંત્રીને કાગળ રાખવા ચામડાની બૅગ શા સારુ જોઈએ? ખાદીની થેલી કેમ ન ચાલે?’’ વગેરે વગેરે. યરવડા જેલમાં સરદાર વલ્લભભાઈ ગાંધીજી માટે ખજૂર ધોઈને તૈયાર કરતા હતા. પંદર પેશી લેવાનો નિયમ હતો. વલ્લભભાઈ કોઈ વાર સત્તર સરકાવી દેતા, તો ઠપકો સાંભળવો પડતો.

પોતા પર આવેલા પત્રોની પાછલી કોરી બાજુનો ઉપયોગ કરતા. પણ જ્યાં જરૂર હોય ત્યાં હજારો વાપરતાં પણ એ અચકાતા નહિ. એક વાર બંગાળની પ્રાંતિક પરિષદમાં હાજર રહેવાનું એમણે દેશબંધુ દાસને વચન આપ્યું હતું, તે પાળવા સ્પેશિયલ ટ્રેન જોડાવીને પણ ગયા હતા. ‘યંગ ઇન્ડિયા’ કે ‘હરિજન’ માટે ઘણી વાર આખા લેખોના લેખો તારથી મોકલતા. એ એમને ઉડાઉપણું નહોતું લાગતું.

૪. એની સાથે હિસાબની ચોકસાઈ પણ સંકળાયેલી છે. જાહેર નાણાંની પાઈએ પાઈ જે હેતુ માટે આવી હોય તે હેતુ માટે જ અને કરકસરપૂર્વક વપરાય, એ વિશે એમનો આગ્રહ જાણીતો છે. પોતે દક્ષિણ આફ્રિકાથી જ્યારે પ્રતિનિધિમંડળ તરીકે વિલાયત ગયા હતા, ત્યારની એમની હિસાબની નોંધમાં ઘોડાગાડીનો, છાપાંનો, ચાનાસ્તાનો, ટપાલનો એવો ઝીણો ઝીણો ખર્ચ પણ વિગતે નોંધેલો છે. પરચૂરણ ખર્ચ જેવું કોઈ ખાતું જ એમાં નથી. તદ્દન નજીવી રકમ માટે એમણે કસ્તૂરબાને પણ ‘નવજીવન’ને પાને ચડાવ્યાં હતાં.

૫. ગમે એટલું નાનું કામ કે માણસ એમને મન નાનું નહોતું. પોતે સદાય દેશનાં મોટાં મોટાં કામોમાં રોકાયેલા રહેતા હતા, છતાં પોતાના નાનામાં નાના માણસની કે કામની એમણે કદી ઉપેક્ષા કરી નથી. વાઇસરૉયને જવાબ લખાવીને તરત જ બીજો પત્ર તેઓ કોઈ દૂર પડેલા સાથીને મેથીની ભાજી ખાય કે મગ એ વિશે સલાહ આપતો પણ લખાવતા. ઘણી વાર કૉંગ્રેસ કારોબારીની સભામાંથી થોડી મિનિટ કાઢીને કોઈ દરદીને એનિમા આપવા ચાલ્યા જતા.

૬. તોલ્સ્તોયની એક વાર્તા છે : ‘ત્રણ પ્રશ્નો’. તેમાં પ્રશ્નો એવા છે કે સૌથી મહત્ત્વની ક્ષણ કઈ? સૌથી મહત્ત્વનું કામ કયું? અને સૌથી મહત્ત્વનું માણસ કયું? જવાબ એ છે કે ચાલુ ક્ષણ એ જ સૌથી મહત્ત્વની, હાથમાં હોય એ કામ જ સૌથી મહત્ત્વનું, અને સામે હોય એ માણસ જ સૌથી મહત્ત્વનો.

ગાંધીજીએ પોતાના જીવનમાં સૌથી પહેલું જાહેર કામ કયું કર્યું? દક્ષિણ આફ્રિકામાં ત્રણ ભારતીઓને – એક હજામ, એક હાટડીવાળો અને એક કારકુનને – અંગ્રેજી શીખવવાનું માથે લીધું, એ એમનું પહેલું જાહેર કામ કહેવાય – અને તે પણ બૅરિસ્ટર નવરો તે પેલાઓને ઘેર જઈને શીખવે! તેઓ જ્યારે કલકત્તા કૉંગ્રેસમાં ગયા ત્યારે તો દક્ષિણ આફ્રિકાના આગેવાન થઈ ચૂક્યા હતા, છતાં એમણે કૉંગ્રેસ કચેરીમાં જઈને પૂછ્યું કે ‘‘મારે લાયક કંઈ કામ હોય તો આપો. નકલ કરવી, પત્ર લખવા, જે હશે તે કરવા હું તૈયાર છું.’’ આપણે

કોઈ મહત્ત્વની ક્ષણની, મહત્ત્વના કાર્યની અને મહત્ત્વના માણસની રાહ જોઈને બેસી રહીએ છીએ, અને જીવન પૂરું થઈ જાય છે. ગાંધીજીએ જ્યારે જે કામ આવી પડ્યું ત્યારે તે ઉપાડી લીધું અને તેમાં પોતાનો સમગ્ર પ્રાણ રેડ્યો.

૭. માનવપ્રેમ એમના જીવનના પાયામાં હતો, ગાંધીજીની વિચારણામાં માનવ કેન્દ્રમાં હતો. સંતતિનિયમનનાં સાધનોનો એમનો વિરોધ ખૂબ જાણીતો છે. એ વિશે પુષ્કળ માથાઝીક કર્યા છતાં શ્રીમતી માર્ગરેટ સેંગર એમની સંમતિ મેળવી શક્યાં નહોતાં. તેમ છતાં 'મહાદેવભાઈની ડાયરી' ઉપરથી આપણે જાણીએ છીએ કે અમુક માણસની બાબતમાં એમણે વંધ્યીકરણ, ગર્ભનિરોધનાં સાધનોનો ઉપયોગ પણ હિતકર માન્યો હતો. પોતે ચા-કૉફી પીતા નહોતા, છતાં થાકેલા મહાદેવભાઈ માટે ચા કે માંદા રાઘવન માટે કૉફી જાતે બનાવતા એમને આપણે જોઈએ છીએ. એટલું જ નહિ, પોતે માંસાહારના વિરોધી હતા, માણસ માટે એ આવશ્યક કે યોગ્ય નથી એમ માનતા હતા, છતાં અબ્દુલ ગફારખાનનાં બાળકો માટે આશ્રમમાં આમિશ વાનીઓ કરાવવા એ તૈયાર થયા હતા. સિદ્ધાંતજડતા એમનામાં નહોતી.

અહીં મને અમેરિકન પાદરી શ્રી મોટ સાથેની ગાંધીજીની વાતચીત યાદ આવે છે. એ પાદરીએ પૂછ્યું હતું કે "તમારી સેવા પાછળ કોઈ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ હોય છે, કે માનવ પ્રત્યેનો પ્રેમ હોય છે ?" ત્યારે ગાંધીજીએ કહ્યું હતું : "મારી સેવા પાછળ માનવ પ્રત્યેનો પ્રેમ જ હોય છે. જો હું માનવીની સેવા ન કરી શકું, તો કેવળ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ તો નિષ્પ્રાણ છે."

**(મહેન્દ્ર મેઘાણી સંપાદિત**
**ગાંધી-ગંગા : ૧માંથી સાભાર**

**નોંધ : અસલ લેખ લેખક કૃત 'ગાંધીજી : કેટલાક સ્વાધ્યાય લેખો' (૧૯૮૭)માં પ્રકાશિત થયેલ છે.)**

## બંને મૂંગાં બેસી રહ્યાં

*યરવડા જેલમાં બાપુ હતા ત્યારે બા એમની મુલાકાતે ત્યાં આવ્યાં. નિશ્ચિત સમયે જેલઅધિકારીની હાજરીમાં તેમની મુલાકાત ગોઠવાઈ.*

*બા-બાપુ એકબીજાના ખબરઅંતર પૂછવા લાગ્યાં ત્યારે જેલ-અધિકારીને થયું કે આ પૂજ્ય વ્યક્તિઓની મુલાકાત વખતે હું અહીં ઊભો રહું તો તેઓ છૂટથી વાતચીત કરી નહિ શકે, જરીક આઘોપાછો થાઉં. આમ વિચારી એ દૂર જઈ લટાર મારવા લાગ્યા.*

*જેલમાં મુલાકાતનો સમય અડધો કલાક. એટલો સમય પૂરો થયો એટલે જેલઅધિકારી હસતા હસતા પાછા આવ્યા. તેમણે બાપુને પૂછ્યું : આપની વાતચીત હવે પૂરી થઈ હશે.*

*ગાંધીજી : "વાતચીત ? તમારી રૂબરૂમાં એકબીજાના ખબરઅંતર પૂછ્યા એ જ. આપના ગયા પછી અમે બંનેએ એક હરફ સરખો ઉચ્ચાર્યો નથી."*

*જેલઅધિકારી : "એમ કેમ, બાપુ ?"*

*ગાંધીજી : "આપ જેલનો નિયમ તો જાણો છો. જેલના અધિકારીની ગેરહાજરીમાં જેલનો કેદી મુલાકાતીઓ સાથે વાત કરી શકતો નથી. આપ બેઠા ત્યાં સુધી ખબરઅંતર પૂછ્યા. પણ આપના ગયા પછી તો અમે બંને શાંત થઈને બેસી રહ્યાં છીએ."*

# હું છું શિક્ષક

## ઉમાશંકર જોશી

૧૯૫૬માં એક શિક્ષણ અંગેના પ્રતિનિધિમંડળમાં અમેરિકા જવાનું થયું ત્યારે ન્યૂયૉર્કમાં પહોંચ્યા પછી ત્યાંનું છાપું મેં ખોલ્યું તો એક સમાચારે મારું તરત ધ્યાન ખેંચ્યું : પ્રાથમિક શિક્ષકોની હડતાળ ચાલી રહી હતી. મારા મનને મેં કહ્યું : દુનિયાના સૌથી ધનાઢ્ય શહેરમાં આવ્યો તો ત્યાં પણ અમારો શિક્ષકોનો તો પ્રશ્ન જ છે.

૧૯૬૧માં સાહિત્યિક પ્રતિનિધિમંડળમાં રશિયા ગયેલો, ત્યાં લેનિનગ્રાડ નગરમાં એક બાઈ રસ્તે ઝાડુ વાળી રહી હતી તે બતાવીને દુભાષિયણ બહેનને મેં પૂછ્યું : આ બહેનનો શો પગાર હશે ? જવાબ મળ્યો : મહિને ૩૫ રૂબલ. મેં પૂછ્યું : પ્રાથમિક શિક્ષકનો પગાર કેટલો ? જવાબ આવ્યો : મહિને ૩૫ રૂબલ. મારા મનને મેં કહ્યું : નવી સમાજરચના માટે મથનારા દેશમાં આવ્યો તો ત્યાં પણ અમારી શિક્ષકોની સ્થિતિ તો ....

સમાજ બદલાશે, સમાજ સમૃદ્ધ થશે, પણ શિક્ષકને પૂરું વળતર આપી શકશે કે કેમ એવો પ્રશ્ન મનમાં પસાર થઈ જાય છે. આજના જમાનાના સંઘોનું – સંગઠનોનું બળ મોટું છે. संघे शक्तिः कलौ युगे । કલિયુગ, એટલે કે કલહોનો યુગ, ચાલતો હોય ત્યારે સંઘશક્તિ પણ ખીલે જ અને અમુક અંશે ફાવે પણ ખરી. 'વીલું વીલું મોં' – એવી જેની પાતળી આંકણી થઈ છે તે શિક્ષક વર્ગ પણ આ નવા જમાનામાં સમાજ પાસેથી સંગઠન દ્વારા થોડુંક મેળવી શકશે. પણ સમાજને તે આપે છે તેના પ્રમાણમાં એ કદી પણ પૂરતું હશે ખરું ?

આ જમાનામાં સમાજના સૌ વર્ગો વચ્ચે શિક્ષકે પણ જીવવાનું છે – એટલે એને જીવનની જરૂરિયાતો પૂરતું તો મળવું જ જોઈએ. ન્યૂનતમ જરૂરિયાતો પૂરતું નહીં, પણ ઇષ્ટ (ઑપ્ટિમમ) જરૂરિયાતો પૂરતું મળવું જોઈએ. અને કદી શિક્ષક પાસે બે પૈસા વધુ આવી ચડ્યા, તો તે સલામત છે એમ માની શકાય. એની આસપાસ અનેક વિદ્યાર્થીઓ અને એમનાં વાલીઓનો સમાજ છે – જરૂર જણાશે ત્યાં એ સદ્વ્યય કરશે. શિક્ષકે ઓછેથી ચલાવવું જોઈએ, જેમ એને ઓછું મળે તેમ એ વધુ આદર્શ – એવા વિચારો બીજાઓએ એની આગળ પીરસવાના હોય નહિ. આવા વિચારો એ પોતાની મેળે સેવે તો જુદી વાત છે. ખરે જ આવા વિચારો સૌ કોઈએ પોતાની મેળે જ અપનાવવા માટે છે. શિક્ષકને એ સંભળાવવામાં દરિદ્રતાના ઘા ઉપર અપમાનનું મીઠું ભભરાવવા જેવું થાય. કવિશ્રી મેઘાણીએ, તેથી તો, બોટાદમાં મળેલા શિક્ષકસંમેલન આગળના, પોતાના જીવનના છેલ્લા, પ્રવચનમાં કહેલું : એને (એટલે કે શિક્ષકને) આદર્શનાં મહેણાં મારશો મા !

એવી આશા રહે છે કે હવેના યુગમાં શિક્ષક ઇષ્ટ જીવનધોરણ જીવવા પામે એવા સંજોગો સર્જાશે.

પણ શિક્ષક સમાજને જેટલું આપે છે તેના પ્રમાણમાં સમાજ એને કેટલું આપી શકશે ? સંભવ છે કે સમાજ હંમેશાં શિક્ષકનો દેવાદાર જ રહેશે.

દરેક કુટુંબ માતાનું દેવાદાર છે. વહેલી સવારથી ઊઠીને મોડી રાતે માતા પરવારીને

વાંસો વાળે છે ત્યાં સુધીની એની રજેરજ સેવાઓની આર્થિક દૃષ્ટિએ કિંમત ગણવાનો કદી વિચાર આવ્યો છે? જગતની સૌ માતાઓની સેવાઓના દામ ચૂકવવાના હોય તો કદાચ ભગવાન પણ એ ચૂકવી ન શકે – એનું દેવાળું નીકળે. માતાની સેવાનું પૂરું વળતર કોણ આપી શકવાનું છે?

એવી જ રીતે શિક્ષકની સેવાઓનું પણ પૂરું વળતર કોણ આપી શકવાનું છે?

શિક્ષક ચેતનનો માળી છે. પોતાની આસપાસ બાળકો, કિશોરો, તરુણો ખીલે છે એમાં પોતાનો સર્જનાત્મક ફાળો છે એ એના ખ્યાલ બહાર હોતું નથી. પોતે સર્વગુણસંપન્ન છે એવા ભ્રમમાં એ હોતો નથી, પણ એની પોતાની જે કાંઈ મૂડી છે તે વિદ્યાર્થીને મબલક લાભ આપનારી નીવડે છે, એ ઉંમરે – એ સંજોગોમાં વિદ્યાર્થી એમાંથી પુષ્કળ ચૈતન્યપોષણ મેળવે છે – એ પણ એના ધ્યાન બહાર રહેતું નથી. જગતની વિષમતાઓ વચ્ચે નવા જીવનની એ લીલી વાડી જોઈને જરૂર, કાંઈ નહીં તો ક્યારેક ક્યારેક પણ, એનું હૈયું ઠરે છે. આ નાનુંસૂનું સદ્‌ભાગ્ય નથી. ઓછા રળતરની – ઓછા વળતરની જિંદગીમાં શિક્ષકને મન આ મોટું મળતર છે.

શીખનારા શીખે છે તે માત્ર વર્ગમાં? ચોપડીઓ ભણાવીએ છીએ તે દ્વારા? વિચક્ષણ શિક્ષક જોઈ લે છે કે જબરા છે આ મારા વિદ્યાર્થીઓ. હું શીખવવાનો ખેલ કરું છું તેમાં તે જોડાય છે – પૂરા કે અરધાપરધા મનથી, પણ તેઓ તો શીખે છે અવલોકન દ્વારા – ખાસ કરીને શિક્ષક કેમ જીવે છે તેના અવલોકન દ્વારા.

શિક્ષક એટલે શિખવાડનાર. માણસનું બાળક જન્મે એ પછી એને મનુષ્યજાતિએ આજ સુધી ખીલવેલી અનેક કરામતોમાંથી થોડીઘણી ધીમે ધીમે હસ્તગત કરવી રહે છે. આમાં જે આગળ વધેલા હોય તેમની પાસેથી તાલીમ મેળવવાના પ્રયત્નો, સમુદાયગત – સંસ્થાગત પ્રયત્નો પણ, ગોઠવવા પડે. જેઓ કોઈ ઇલમમાં બહુ આગળ વધેલા હોય તેઓનું વજન પડે એટલે તેઓ ગણાય ગુરુ. 'શિક્ષક' અને 'ગુરુ' એ શબ્દ કરતાં આપણો એક ત્રીજો શબ્દ બહુ અર્થસૂચક છે. એ શબ્દ છે 'આચાર્ય'. આચારમાં જેને રસ છે, જે નવું નવું શોધે છે, મેળવે છે, અને પોતાની પર પહેલાં અજમાવીને એટલે કે પોતાના આચારમાં ઉતારીને પછી બીજાઓ આગળ રજૂ કરે છે તે આચાર્ય. વિદ્યાર્થીઓ શીખવનારના આચારમાંથી એટલે કે એની ખરેખરી આચાર્યતામાંથી શીખે છે.

પર્લ બકની એક સુંદર વાર્તા ઘણાં વરસ પહેલાં મારા વાંચવામાં આવેલી. એક દૂરના પછાત ગામડાની છોકરી છાત્રાવાસમાં રહીને ભણે છે. શિક્ષિકાને એને માટે બહુ લાગે છે, કેમ કે એ ગમે ત્યારે જ્યાં ત્યાં આંટા મારતી હોય, ક્યારેક શિક્ષિકાના ઘર ફરતે પણ, અને ભણવાનું તો નામ જ ન લે. શું થશે એનું? – એ પેલાં શિક્ષિકાબહેનની હંમેશાંની ચિંતા. થોડાંક વરસો પછી એને ગામડે શિક્ષિકાબહેન અને એના પતિ જાય છે, એ જે શાળા ચલાવતી હતી તે જુએ છે અને એ તો આશ્ચર્યચકિત થાય છે. બધું વ્યવસ્થિત, મેળમાં છે. વાતાવરણ સુંદર સર્જાયેલું છે. હા, હજી એ છોકરી છે લઘરવઘર, પહેલાંના જેવી જ. જરીક દાધારંગી પણ કહો ને! પણ આટલી સફળ સંસ્થા એ શી રીતે ચલાવી શકી? ક્યાંથી મેળવ્યો એણે આ કીમિયો? છેવટે શિક્ષિકાબહેન પૂછ્યા વિના રહી ન શક્યાં. પેલી સાદી-ભોળી ગ્રામકન્યા કહે: 'કેમ વળી, હું ત્યાં ભણતી'તી ત્યારે તમને નિત્યનિત્ય નીરખ્યાં કરતી'તી સ્તો, – તમે બે એકલાં બેઠાં હો એય તે. બધું રજેરજ તમને બંનેને જોઈ જોઈને શીખી છું તો!'

આપણે શીખવવાનો 'ખેલ' કરીએ છીએ એવો હમણાં મારાથી પ્રયોગ થઈ ગયો હતો. ખરું જોતાં બીજાને શીખવવા બેસવું એ તો ખેલ જ છે. ઘણું ઘણું તો માણસ પોતાની જાતને શીખવી શકે.

એક મારી રચના રજૂ કરવાની છૂટ લઉં ?

**હું છું શિક્ષક,**
**ચાલે મારી અહો અહોનિશ શાળા !**
**કોણ હશે ત્યાં બાળકબાળા ?**

નિશાળ તો રાતદિવસ ચાલે છે. શિક્ષક હું છું. ભણનારાં બાળકો કોણ છે ?

**શાળા મારી સૂની છેક જ.**

અરે, કોઈ બાળક જ આવતાં નથી શું ?

**મળ્યો શિષ્ય છે મુજને એક જ.**

એક શિષ્ય તો મળ્યો છે. ચાલો, તો તો નિશાળ ચાલશે.

**કોણ હશે એ ?**

કોણ છે એ શિષ્ય ?

**દર્પણમાંહી જેહ દીસે, એ.**

દર્પણમાં જેના દીદાર દેખાય છે તે શિષ્ય – સમ ખાવાનો એકમાત્ર શિષ્ય – સાંપડ્યો છે.

**ચાલે એનું નિશદિન ભણતર.**
**ચાલ્યા કરશે આખું શું જીવતર ?**

એ વિદ્યાર્થીનું ભણતર રાતદિવસ ચાલ્યા જ કરે છે. શું આખો જનમારો ચાલશે ? બીજી નિશાળોમાં તો જોઈએ છીએ કે અમુક વરસો પછી પરીક્ષા લેવાય છે અને ભણતરનો પાર આવે છે. આ શિષ્યનું ભણતર કેમ પૂરું થતું નથી ?

**ભણ્યો ખરો કે, રહ્યો અબુધ વા,**
**કદીકદીક એ જરી પરખવા,**
**કાન ઝાલીને ઊભો કરું છું**
**વિવિધ સમાજ મહીં, જ્યાં ફરું છું.**

પરીક્ષાની આવી પદ્ધતિ ગોઠવાઈ છે. જુદા જુદા સમાજ પાસે ઊભો કરીને પરખ કરાવી લેવી એ જાતની એ પરીક્ષાપદ્ધતિ છે.

**જગ છે એનું મૂક પરીક્ષક,**
**ચાલે એનું સતત પરીક્ષણ,**
**ને ના થાયે પૂરું શિક્ષણ**
**શિષ્ય તણું, જેનો હું શિક્ષક.**
**હું છું શિક્ષક.**

**સપ્ટેમ્બર ૪, ૧૯૭૧ (તા. પાંચમી સપ્ટે. શિક્ષકદિને આકાશવાણી પર પ્રસારિત)**

**'કેળવણીનો કીમિયો'માંથી સાભાર**

---

*"અહિંસાના શબ્દકોશમાં કોઈ બાહ્ય દુશ્મન જ નથી. પણ જે દુશ્મન માનતો હશે તેના પ્રત્યે તેના મનમાં દયાભાવ જ હશે. તે એમ માનતો હશે કે કોઈ મનુષ્ય ઇરાદાપૂર્વક દુષ્ટ નથી. દરેક મનુષ્યમાં મનુષ્યના એટલે સારાસારનો વિચાર કરવાની શક્તિ રહેલી જ છે. એ શક્તિ પૂરી ખીલે તો અહિંસામાં જ પરિણમે. તેથી અહિંસક મનુષ્ય ઈશ્વરની પાસે માગશે કે તે મનાતા દુશ્મનને સદ્‌બુદ્ધિ આપે ને તેનું ભલું કરે. તેની નિરંતર પ્રાર્થના એ હશે કે તેની પોતાની દયાવૃત્તિ વધે, પોતાનું આત્મબળ વધે કે જેથી પોતે નીડર રહી મોતની ભેટ કરે."*

*ગાંધીજી, હરિજનબંધુ, ૫, ઑક્ટોબર, ૧૯૪૦*

# પદ્મશ્રી ભોળાભાઈને કાવ્યાંજલિ

– પ્રા. જાદવજીભાઈ પટેલ `રશ્મિભિક્ષુ'

(૧)

**તમારા પાર્થક્યે.......**

લ્યો,
સૂનાં થયાં સહુ આંગણાં,
સૂનાં પડ્યાં છે સહુ બાળ.
અબૂઝ વેદનાના ભારે;
ઝૂર્યા કરે છે સર્વ વિદ્યાલયનું
આ સમસ્ત વિદ્યાસંકુલ.
અસુખ રહ્યા કરે છે,
આશ્રમવાસીઓનાં સંવેદનશીલ હૈયે.
નીરવ બન્યો છે કોકિલકંઠ
ને –
મ્હોરતી નથી અમારી વનરાઈઓ !
આકુળ-વ્યાકુળ રહ્યા કરે છે,
અમારાં મન-હૃદય, વહાલા ભોળાભાઈ !
તમારા પાર્થક્યે.... બોલો તો !

(૨)

**`કેથા તુમિ ? કેથા તુમિ ? કેથા તુમિ ?'**

એ ક્યાં નથી ?
આલ્લે !
શ્રી અને સૌરભે સોહતી-મહેકતી
**'દેવોની ઘાટી'**માંથી
ઊઠી રહ્યો છે
વિપ્રલંભને જગાડતો પ્રલંબિત ધ્વનિ
નિરંતર : 'કેથા તુમિ ? કેથા તુમિ ? કેથા તુમિ ?'
ને સૌના કર્ણપટે સર્વથા વિપરીત એવો
સંભળાય છે. એનો પ્રતિધ્વનિ !
'એ ક્યાં નથી ? ક્યાં નથી ? ક્યાં નથી ?'

(૩)

**સ્વર્ગદેવતાઓને.......**

એમની મહાવિદાયથી,
વ્યાપી ગયો છે 'સભર ખાલીપો'
અમારા સમગ્ર અસ્તિત્વમાં !
નિસ્તેજ બન્યાં છે
**'વિદિશા'**નાં સૌ સૌન્દર્યશિખરો !
આત્મબોધને વિસ્તારતાં
એમના યાત્રાવર્ણનોનું આત્મસંતર્પક વાચન હવે
ક્યાં જઈને કરીશું ?
'સૌંદર્યબોધ'નું જીવનપાથેય મેળવવા
હવે કોની પાસે જઈને જઈશું ?
બોલો તો !
.......................
સાંભળો :
સહુ સ્વર્ગદેવતાઓ !
આવકારજો, હૃદયના ઊંડા આદરથી,
પરમ વરેણ્યમ્ આપના **'ચિરશાંતિધામ'**માં !
અમારા વિદ્યાપુરુષને,
**'ગાંધીગિરા'**ના અપ્રતિમ ગૌરવને.
સૌન્દર્યલુબ્ધ,
અમારા નિત્યપ્રવાસીને.
ને
આલેખજો આટલું ગૌરવથી
આપના નયનરમ્ય આંગણામાં...
અડખે-પડખે સ્વસ્તિકો રચી.
(કુમકુમસોહ્યા અક્ષરેથી.)
'कुलं पवित्रं जननी कृतार्था,
वसुन्धरा पुण्यति च येन ।

તા. ૫-૮-૨૦૧૨

# અને ફરજ તરતી રહી

મોહનલાલ પટેલ

ઈ.સ. ૧૯૪૦ના એપ્રિલની ૯મી તારીખે પ્હો ફાટે એના એક કલાક અગાઉ જર્મનીએ ડેન્માર્ક અને નોર્વેની સરકારોને અલ્ટીમેટમ આપીને જણાવી દીધું કે કશા વિલંબ વિના અને કશા અવરોધ વગર અમારું શરણ સ્વીકારો. ધમકીની આ એક વિચિત્ર રીત હતી. અલ્ટીમેટમનો અર્થ એવો હતો કે તત્કાલ શરણે થાઓ અન્યથા તમારી સ્થિતિ પોલેન્ડ જેવી થશે. (જર્મનીએ યુદ્ધના શ્રીગણેશ ૧૯૩૯ના સપ્ટેમ્બરની પહેલી તારીખની વહેલી પરોઢે પોલેન્ડ ઉપરના આક્રમણથી કર્યા હતા અને ૪૮ કલાકમાં તો પોલેન્ડને ધમરોળી નાખીને શરણે આણ્યું હતું) સપાટ ભૂમિનું ડેન્માર્ક જર્મનીના આક્રમણનો સામનો કરી શકે એમ નહોતું છતાં એના લશ્કરે સામનો તો કર્યો પણ બેચાર કલાકમાં તો એણે શરણાગતિ સ્વીકારી લેવી પડી.

પણ નોર્વેની વાત જુદી હતી. એનો રાજા શૂરવીર હતો. વગર લડ્યે શરણે જવાની કાયરતા દાખવે એવો રાજવી એ નહોતો. એણે પોતાની સરકાર આગળ પોતાનું મંતવ્ય રજૂ કર્યું અને સરકારે પણ જર્મન સૈન્યનો પ્રતિકાર કરવાનો નિર્ણય કર્યો. પણ જર્મન ટેન્કો આગળ નોર્વે ઝાઝું ટકી ન શક્યું. જર્મનીએ દક્ષિણ નોર્વે કબજે કર્યું, એનાં પાંચ મહત્ત્વનાં મથકો ઉપર અડ્ડો જમાવી દીધો. જર્મન સૈન્યો ઉત્તરની ડુંગરાળ ભૂમિમાં આગળ વધે એ પહેલાં મિત્રરાજ્યોનું ૨૫૦૦૦ સૈનિકનું લશ્કર કુમકે આવી પહોંચ્યું અને નોર્વેના સૌથી મહત્ત્વના મથક અને બંદર નાર્વિકમાંથી જર્મનોને ખદેડી મૂક્યા. એ વખતે મે મહિનો ચાલતો હતો.

આ યુદ્ધમાં જર્મનીએ પહેલી વાર અહીં થપ્પડ ખાધી. ઉત્તર નોર્વેની ડુંગરાળ ભૂમિમાં એનો ગજ ન વાગ્યો. અલબત્ત, દક્ષિણ નોર્વે ઉપર નાઝી લશ્કરનો કબજો હતો એટલે ઉત્તર નોર્વેમાં પડાવ નાખીને રહેલા મિત્રરાજ્યોના લશ્કરનાં વહાણો માટે ઉત્તર સમુદ્રમાં અવરજવર પૂરી જોખમ ભરેલી હતી. દરિયાની સપાટી નીચે રહેલી જર્મન સબમરીનો ક્યારે સપાટી ઉપર આવીને ટૉર્પિડોના પ્રહાર કરે એનું કશું અનુમાન થઈ શકે એમ નહોતું. વહાણોની અવરજવર બંધ પણ કેમ કરી શકાય ? જોખમ વહોરીને પણ સલામત માર્ગે મિત્રરાજ્યોનાં વહાણની અવરજવર ચાલુ હતી.

ઈ. સ. ૧૯૪૦ના જૂન મહિનાની એક બપોર પછીના સમયે સલામતીની બરાબર ચકાસણી કર્યા પછી બ્રિટિશ નૌકાઓના ચાર કાફલા રક્ષણની પૂરી સજ્જતા સાથે નોર્વેજિયન સમુદ્રમાં નીકળ્યા. એમનું ગન્તવ્ય સ્થાન બ્રિટન હતું. આ નૌકા કાફલામાં એક ગ્લોરિયસ નામનું જહાજ પણ હતું. આ જહાજમાં બળતણનો પુરવઠો પૂરતા પ્રમાણમાં નહોતો. રસ્તામાં બળતણ અંગેની કોઈ મુશ્કેલી ઊભી ન થાય એટલે એ જહાજે સલામત જણાતો એક ટૂંકો માર્ગ લીધો. ભયના ઓથાર નીચે મુસાફરી કરવાની હતી એટલે એની રક્ષણસજ્જતામાં કંઈ કમી રાખવામાં આવી નહોતી. એના ઉપર ચાર ઇંચના વ્યાસવાળી તોપો હતી. બૉમ્બની વર્ષા કરી શકે એવાં 'હરિકેન' વિમાનોનો કાફલો એના તૂતક ઉપર હતો. ટૉર્પિડોનો મોટો જથ્થો પણ એની પાસે હતો. ઉપરાંત એના

રક્ષણ માટે આર્ડન્ટ અને એક્સ્ટ્રા નામની બે વિનાશિકાઓ પણ એની સાથે હતી.

ગ્લોરિયસમાં નૌકા અને હવાઈ દળના સૈનિકો, અફસરો વગેરે મળીને દોઢ હજાર કરતાં વધારે માણસો હતા.

બરાબર સાડા ચાર વાગ્યે એકાએક બે નાઝી જહાજો દરિયા પર ફૂટી નીકળ્યાં ! અને આંખ મીંચાય અને ઊઘડે એટલા સમયમાં તો એક ટૉર્પિડોનો ઘા ગ્લોરિયસના આગલા હેન્ગર ઉપર થયો અને આગ ભડકી ઊઠી. કમનસીબે આગ એવા સ્થળે લાગી હતી કે તૂતક ઉપરનાં બૉમ્બવર્ષા કરનારાં પેલાં હરિકેન વિમાનો આગની લપેટમાં ઝડપાયાં. વિમાનોમાં પેટ્રોલ અને ગેસોલિન. એમણે આગ પકડી લીધી અને જોતજોતામાં આગના તાંડવે બિહામણું સ્વરૂપ લીધું. દુશ્મન જહાજો ૨૭૦૦૦ વાર કરતાં વધારે દૂર હતાં. આટલા અંતરેથી નિશાન તાકવાનું કામ ગ્લોરિયસની તોપોના ગજા બહારનું હતું. એટલે એ પણ ઉપયોગની ન રહી. ગ્લોરિયસ હવે કશું કૌવત બતાવી શકે એમ નહોતું.

હવે ગ્લોરિયસના રક્ષણની બધી જવાબદારી પેલી બે વિનાશિકાઓના માથે આવી પડી. એ બંનેએ પોતાનું કાર્ય ઝનૂનપૂર્વક શરૂ કરી દીધું. હવે પહેલું કામ ગ્લોરિયસને વધારે જખ્મી થવા દીધા સિવાય દુશ્મન જહાજોથી વધારે ને વધારે દૂર લઈ જવાનું હતું. પ્રથમ તો એ બંને વિનાશિકાઓએ ગ્લોરિયસને ઑઝલ કરવા સ્મોક બૉમ્બથી ધુમાડાની જંગી દીવાલ રચવાનું શરૂ કરી દીધું. ધુમાડાથી ઢંકાયેલું ગ્લોરિયસ દુશ્મનની નજર ચૂકવીને ઇચ્છિત દિશામાં આગળ વધી શકે એ આ દીવાલરચના પાછળનો હેતુ હતો.

લડખડાતા ગ્લોરિયસે હજુય ગતિ તો જાળવી રાખી હતી પણ દુશ્મનોએ તો ધુમાડાના ગુંબજને જ લક્ષ્ય બનાવીને અંધાધૂંધ તોપ અને ટૉર્પિડોનો મારો ચાલુ રાખ્યો અને એમાં આર્ડન્ટ વિનાશિકા ભોંગ બનીને ડૂબવા લાગી.

હવે દુશ્મન સાથે ટક્કર લેવાનું માત્ર એક્સ્ટાના માથે રહ્યું. એણે વારંવાર પોતાનું સ્થાન બદલતા રહી ટૉર્પિડોનો જબરદસ્ત મારો ચાલુ રાખ્યો. એક્સ્ટાના કપ્તાનને ખ્યાલ તો આવી ગયો હતો કે હવે બચવાની કોઈ આશા નથી. પણ વિનાશ પહેલાંયે જો દુશ્મન જહાજને ડુબાડી શકાય તો, તે માટે પ્રયાસ કરવાનો કપ્તાનનો હેતુ હતો.

હવે ગ્લોરિયસ ઝડપથી ડૂબવા લાગ્યું હતું. અને એને ત્યજી દેવાનો હુકમ કપ્તાને આપી દીધો હતો. લાઈફ બોટોને પાણીમાં ઉતારીને સલામત રીતે ઊગરી જવાના શક્ય તે પ્રયત્ન ચાલી રહ્યા હતા.

એ દરમિયાન એક્સ્ટાના કપ્તાને વિનાશિકા ઉપરની બધી પોઝિશનો ઉપર આ પ્રમાણે સંદેશ આપ્યો : 'તમને લાગતું હશે કે આપણે દુશ્મનોથી દૂર જઈ રહ્યા છીએ, પણ એવું નથી આપણી સાથી વિનાશિકા આર્ડન્ટ જળસમાધિ લઈ ચૂકી છે અને ગ્લોરિયસ ઝડપથી ડૂબી રહ્યું છે. બચવાનો કોઈ ઉપાય નથી. આપણે સારો દેખાવ કરી છૂટીએ એટલું જ.

એક્સ્ટાના કપ્તાનને આ સંદેશો આપ્યો ત્યારે ઘડિયાળમાં પાંચ અને વીસ મિનિટ થઈ હતી.

એક ક્ષણે એક્સ્ટા આખું, પાણીથી અધ્ધર ઊંચકાયું અને એણે જબરદસ્ત પછડાટ ખાધી. બીજી પળે તો એણેય ડૂબવાનું શરૂ કર્યું. કપ્તાને આ વહાણને પણ ત્યજી દેવાના હુકમો આપી દીધા અને જહાજ ઉપરના માણસોને તરાપાઓનો આશ્રય લઈ જીવ બચાવી લેવાની સલાહ આપી. જહાજ ઉપરના માણસો જહાજની દીવાલ પરથી કૂદીને તરાપાઓ ઉપર ચઢવા લાગ્યા.

અને આ વિનાશકારી પળે બે દૃશ્યો હંમેશાં ચિત્ત ઉપર અંકાયેલાં રહે એવાં હતાં. એક તો ગ્લોરિયસ ઉપરના સર્જન લેફ્ટેનન્ટ ઘવાયેલા સૈનિકોની સારવાર કરી રહ્યા હતા તે. ડૉક્ટર જાણતા હતા કે ગંભીર રીતે ઘાયલ થયેલા આ માણસો વહાણમાંથી ઊતરીને તરાપાઓનો આશ્રય લઈ શકવાના નથી. બીજા માણસો દ્વારા એમને ખસેડી શકાય એવી પણ એમની સ્થિતિ નથી. ડૂબતા વહાણ સાથે એમણે પણ જળસમાધિ લીધા સિવાય છૂટકો નથી. છતાં આ ડૉક્ટર પૂરા ધૈર્યથી એમની શુશ્રૂષા કરી રહ્યા હતા.

અને બીજું દૃશ્ય ગ્લોરિયસના કપ્તાન સંદર્ભે હતું. કપ્તાન વહાણના બ્રીજ પર નમીને તરાપા ઉપર ચઢી રહેલાં વહાણના માણસો અને સાથીઓને મમતાપૂર્વક જોઈ રહ્યા હતા. નીચેના એક તરાપા પરથી કૉર્ક અટકવાળા એક પીઢ સાગરખેડુએ કપ્તાનને સાદ કર્યો : 'તમે પણ આવી જાઓ આ તરાપા ઉપર.'

કપ્તાને એ સાંભળ્યું. સાગરખેડુ અને અન્ય સાથીદારોની લાગણી માટે એક મીઠા સ્મિતથી પ્રતિભાવ આપ્યો. પછી ખિસ્સામાંથી રૂમાલ કાઢીને, એને હાથમાં રાખી એક શુભેચ્છાની ચેષ્ટારૂપે ફરકાવતાં કહ્યું : 'ગુડ બાય એન્ડ ગુડ લક' પણ પોતે ત્યાંથી ખસવાની કોઈ રુચિ દાખવી નહીં.

સૌને વિદાય આપ્યા પછી કપ્તાને ત્યાં જ ઊભા રહીને ખિસ્સામાંથી સિગારેટ કેસ કાઢ્યું અને સિગારેટ સળગાવી.

# દિલખુશ દીવાનજી

## સૌથી મોટું કમનસીબ

*સ્વરાજ તો મળ્યું, પરંતુ હિંદની પ્રજામાં ગુલામી માનસ ખીલવવામાં જે શિક્ષણ-પદ્ધતિએ સૌથી વધુ ફાળો આપ્યો છે તે લગભગ એ જ રહી છે. અંગ્રેજ સરકારના વૈભવને કેટલીક વાર ભુલાવે એવા વૈભવો અને કુટેવો, ભણતા અને ભણી પરવારેલા વર્ગમાં ઊંડાં ઊતરતાં જાય છે. ગરીબો માટેની દાઝ તો જાણે આજના ભણતરમાં દેખાતી જ નથી. દૂરના ગ્રામવાસીઓ પણ કેળવણીના આ ભયાનક ભ્રમમાં ફસાતા જાય છે. સ્વરાજનું આ સૌથી મોટું કમનસીબ છે. શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને વરસો પહેલાં બાપુએ પોતાની દર્દભરી વાણીમાં જણાવેલું તે તેઓ યાદ નહિ કરે ? –*

*"તમે ગરીબમાં ગરીબ ખેડૂતના દેવાદાર છો. એ ખેડૂતો જ તમને નિભાવે છે, તમારા શરીરને ઢાંકે છે. આ ભવ્ય મકાનો પણ એમણે જ બાંધી આપ્યાં છે. મજૂરોના પરસેવા અને લોહીથી આ સ્થળ ઊભાં થયાં છે. એમના પ્રતિના ઋણમાંથી તમે કદી મુક્ત નથી થવાના – સિવાય કે આ સ્થળ છોડ્યા પછી તમે એ ગરીબોની સેવામાં જીવન સમર્પણ કરો."*

# The Dwindling Leadership Quotient in India's Higher Education: Concern for Nurterance and Sustenance to Meet Challenges of Globalisation

Dr D. A. Ghanchi
Formerly Vice-chancellor, Hemchandracharya North Gujarat University

**On the Crossroads of History:** India, with its rich cultural heritage of the hoary past and a significant asset of modern knowledge and technology developed during the later half of the 20th century, is now in the midst of the historic journey it embarked on in 1947 as an independent country. As the fate would ordain it, we are now in the second decade of the 21st century, on the confusing and unnerving crossroads of conflicting forces unleashed by a ruthless process of globalization.

The journey was done in the midst of diverse forces, some helping it, and some hindering it. The trio of polity, economy and society cumulatively contributed to the complications and achievements of the nation's efforts to develop itself and ensure happiness of all- namely sarvodaya. The polity got the form of a democratic, secular, socialistic and egalitarian republic in 1950. However, the psychological and political roadblocks like a feudalistic, medieval, colonial, authoritarian and paternalistic mindset has thwarted the process of establishing and strengthening democracy and rule of law. Similarly the economy under state control and bureaucratic strangle hold remained frozen in the proverbial Hindu rate of growth of about 3% for decades till the era of reforms under the policy of LPG was launched in 1991. The society, fractured by narrow considerations of castes, sub-castes and religions as well as their sects and sub-sects , languages and a number of age old inhibitions and constraints like illiteracy, superstitions, backwardness and regressive tendencies like fundamentalism and revisionism , remains badly splintered, and suffers from periodical tensions and violence, the most recent being the ethnic disturbances in Assam.

The long journey of 65 years marked another milestone, in the form of the celebration of the 66th Independence day on August 15, 2012. While unfurling the national flag on the ramparts of the Red Fort in Delhi on that historic day, the prime minister Dr Manmohansingh rightly drew the attention of the nation to the the journey done hitherto. His address reminds us of the famous Urdu couplet by Dr Mohammad Iqbal on the travails and tribulations people experienced en route:

*" kis tarah tay kee hay*
*hamaneyn manzileyn,*
*gir padey, gir kar uthey,*
*uth kar chaley."*

*The pri*me minister emphasised the role of quality education, particularly higher education, to empower the younger generation to meet with the challenges of the knowledge society functioning under the challenges of globalisation. The country needs a human resource of the highest quality of citizenship, of productivity and of character worthy of the legacy left by the great savants of the freedom movement like Mahatma Gandhi, Sardar Patel, Pandit Jawaharlal Nehru and a host of their dedicated freedom fighter companions. We proudly remind ourselves of the historic message of " Tryst with Destiny" that Pandit Nehru gave the people of India on the midnight of the first day of its political freedom. He foresaw a young nation rising from the nadir of abject poverty, illiteracy, superstition, backwardness and scores of socio-cultural constraints inherited from a medieval,,colonial, feudal past,through a revolution to be engineered by modern education, particularly higher education of science, technology, social sciences and humanities absorbed from all over the world.

Again in 1949, in his convocation address at the Allahabad university Pandit Nehru reemphasised the nation building role of universities to help the process of national development by providing higher education of the best quality. And lest we should forget, four major investigating bodies, namely the University Education Commission (1948-49), the National Education Commission (1964-66), the NEP (1986) and the POA (1986 and 1992), and the National Knowledge Commission (2005-09) reiterated in their reports the need to make India's higher education an enterprise of cutting edge quality and world class competitiveness. The aim was to turn out young men and women, with qualities and competencies of creative, responsible and people-friendly leadership, to earn a place of honour for the country in the comity of nations of the world.

But, unfortunately, that did not happen to a very large extent as one sees the scenario of higher education as it prevails now in the second decade of the 21st century. The country faces the crying need for leaders in all walks of national life, true leaders, competent leaders, responsible leaders, sensitive leaders, non-corrupt leaders, and proactive and visionary leaders. Anna Hazare's recent agitation, that unfortunately fizzled out due to reasons known and unknown, was but an effort to resurrect the dedicated brand of leadership in the country,wasn't it? On hind sight one can see that many of the well thought out and futuristic recommendations of the four national commissions were either ignored or implemented only partly, and most of them, haphazardly. Petty party politics and the instinct of profiteering and insatiable greed at public cost did grievous damage to the system mortally.

As a result, we are face to face with a very sad and disappointing spectacle of a huge system of more than 500 universities, 35000 colleges, 1.2 crore students and 600,000 faculty members engaged in the quality deficient, poorly productive enterprise

of higher education. The ASSOCHAM says that the graduates turned out by the system are mostly unemployable by the modern market as they do not possess the necessary knowledge, skills and even attitudes for the purpose. The young students too feel frustrated when they find that the education they receive is less relevant to the prevailing market situation. The only source of solace is the existence of a few islands of quality , excellence and value like the IIMs, IITs, IISRs, a few central universities, a couple of private universities, a handful of autonomous and community colleges and some open universities , of course, led by the IGNOU. The rest is a veritable wasteland, a land of mediocrity.

Standing on the hopelessly underwhelming crossroads on which our higher education is situated, one can't help feeling despondent and crestfallen brooding over the journey gone awry with all the investment done by the poor people with high hopes whose debris lies in front of us. The Urdu couplet by Nida Fazali expresses aptly the pathos generated by nonachievement by the system:

***"nikalethey kahaan jaaney key liye,***
***pahuchey hai n kahaan maalum nahi,***
***raahon meyn bhatakate kadamon ko***
***manzil kaa nishaan maa'alum nahin."***

**A Depressing Diagnosis :** So what went wrong with our journey of hope?It seems we missed the wood for the tree. We concentrated on the quantity and lost sight of the quality in the process. In a country like ours, afflicted by dire poverty, pervasive illiteracy, poor health standards and a very low level of overall productivity, our primary concern was to spread literacy, and provide elementary education for the bare survival goal. Consequently, we began expanding the system, even allowing mushroom growth and haphazard proliferation , with unscrupulous, corrupt and even criminal elements siphoning off funds into their coffers. In the ensuing melee, considerations of quality, standards and probity were thrown to winds.

Thus, the field of Indian higher education, at the crossroads today, is suffering from a near drought of quality, excellence and educational leadership in the global market place. This reflects very poorly on the part of the system of higher education of a country of the size of India having a tremendous asset of demographic dividend and a huge infrastructure built over decades. Our system has, unfortunately, proved infertile in comparison with that of Britain, which, with a population of 60 million people and 125 universities has as many as 36 Nobel Prize winners. What a contrast even though India has been following the British system of higher education in many respects! This absence of quality and excellence ,and paucity of academic leadership hurts our legitimate sensitivities of patriotism, nationhood and self-esteem as a free nation, given the immense potential in the country and the past proud record of universities like Taxila and Nalanda rcognised as world class centres of higher learning, scholarship , knowledge generation and research for centuries the world over to serve us as models and sources of encouragement needed to transcend the prevailing diffidence and self-doubt.

So here we are, standing woebegone at the staggering crossroads of global forces of change and development , exposed to the threat of being swept away by the hurricane forces of globalisation, internationalisation and homogenisation despite a huge investment we have been making in the field, which under the XII five year plan has reached the astronomical amount of three lakh crore rupees!As a thrifty and frugal people of a poor country, we have every right to expect at least modest returns on the huge amount in the form of university products of the highest quality in all respects, knowledge, competencies, character, entrepreneurial spirit and bold, ethical and creative leadership. No longer should the field of education, particularly higher education, be permitted to be a cesspool of extravagance, wastefulness and abuse..

Now that the culprit stands identified, both by internal investigators that sat on various national commissions and committees, and by external agencies like the THES, the Shanghai university, the world bank, the UN committee on universities of world class quality and regional bodies like ASEAN and SAARC, it is high time we dealt with the crisis of leadership in higher education aggressively and effectively as an urgent mission. The prevailing peculiar geopolitical, geoeconomic and geosociocultural environment necessitates the launching of a massive national effort to equip the country with credible strength to function with self assertion on the global stage. The recent convention of the NAM nations held at Tehran in August 2012 saw several leaders urging India to revive its original leadership role under the stewardship of Pandit Nehru and make the NAM movement a global force to reckon with in the chanceries of the world. This straw in the wind should spur us to rejuvenate our higher education to enable the country to play its global role.

It is heartening to note the political, moral and material support that both the president Mr Pravan Mukerjee and the prime minister Dr Manmohansingh promised to give to the field of education through their Independence Day messages , particularly higher education ,to undertake a mission for quality enhancement through academic leadership and entrepreneurship to be infused in every university and college in the years ahead. And to echo their encouraging sentiments, we the people, particularly the various stakeholders in the field of higher education, must gird up our loins and begin to breathe the "can do" spirit with confidence and commitment, the spirit that this famous song of self confidence the great social activist of modern day USA, the late Dr Martin Luther King Jr., sang while addressing a mammoth rally in the mall at Washington D.C. in the mid-sixties of the last century. And we know how it inspired the racially disadvantaged in that country to bring about a revolution restoring their civil rights and assuring them a life of individual freedom and dignity so as to empower them to function as equal partners in the public affairs of the country. Here are his words:

*We shall overcome,*
*We shall overcome,*
*We shall overcome someday,*
*O deep in my heart I do believe,*
*That we shall overcome someday.*

Unfortunately, for various reasons of historical and cultural origins, we have long been overwhelmed by inhibitions and prejudices , fears and foibles, that have led to the formation of layers of negativity in our mental makeup like the CHALATI HAI mentality, habits of procrastination and unpunctuality, slothful and shoddy work culture ,lack of a sense of responsibility and accountability , a tendency to shirk and evade duties, a disregard for rule of law and an aversion of risk taking and owning one's mistakes, let alone errors and blunders. All these have made us compromise on matters of quality and standards.

In addition thereto on the other hand, there is also a pervasive psyche of self-derogation, self-effacement , self-pity and a meek apologetic attitude and self-abnegation to the extent of complete abdication of responsibility and withdrawal from active involvement. Both these negavities of behaviour and belief have sapped the dynamism and the verve required to function as a responsible and actively participating citizen of a democracy. Let's see that the stakeholders in the field of higher education get themselves exorcised of these evils and join the mission of quality and leadership wholeheartedly. Let's constantly refurbish ourselves morally and spiritually with the divine message Lord Krishna gave through the Gita: YOGAHA KARMASU KAUSHALAM.

## Pursuit of Quality in Higher Education through Leadership:

Pursuit is a persistent, relentless, purposeful endeavour to realise a goal or goals. India's higher education also needs such dedicated endeavour on the part of its various stake holders with a view to establishing, maintaining, and enhancing standards of world class quality, a total quality, in the various activities in the respective constituent spheres of the system. The main stake holders in the system are as under.

1. Policy makers that include government ministers, advisors, consultants, bureaucrats, and others of the ilk. They are concerned with various parameters of policy including goals, vision, aims and objectives, environment and personnel and an overall perspective plan.
2. Curriculum designers who will include course framers, syllabus planners, those who think of tasks, activities, experiences etc as a part of the learning programme.
3. Partners in the process of transacting the curriculum and their tasks. This has a vast spectrum of teaching, testing, evaluating, counselling, learning and related tasks. In fact the entire gamut of teaching and learning is included here.
4. Management persons that would include institutional leaders and heads, vice-chancellors, registrars, deans and heads of departments, administrative personnel, non-teaching staff and all those who share in managing the system internally and externally.

5. Research, experiments, innovation and knowledge producing areas that are proactively engaged in the enhancement of quality and liaising education with the community, its various professions , and businesses, and activities of NGOs.





**FIGURE-1 System Functions**

Figure-1 indicates the range and expanse of the various tasks that the stakeholders are supposed to engage themselves in through their own specific leadership quotient, and by doing so to contribute towards building up quality standards in their respective domains on the one hand, and on the other ,in the entire system by collaborating with other stake holders in their collective venture of educating the young clients, namely students.

This individuo-collective working of the system of higher education fuelled by hierarchies of leadership inputs is a new idea for our traditional unilinear, impersonal, anonymous and bureaucratic mode of operating the system . Hence, for its success, certain specific inputs will have to be provided for. They are as under:

1. The stake holders should be selected for their interest in higher education, in its quality and in the overall interest induсation as an article of faith and the welfare of the students.
2. The stake holders should be educated and trained in the skills and knowledge, understandings and attitudes and methods and materials involved through recurrent training, practicals and assignments through in-house facilities for the purpose.
3. The quality of the involvement and performance of the stake holders should be monitored regularly, appraised, provided inputs of counselling , mentoring and formal training and retraining and appropriately documented for follow up like reward, remediation etc
4. Institutional climate should be built up and nourished which should be supportive of and conducive to the goal of quality promotion through responsible leadership by everyone of the stakeholders.

Every participant in the pursuit of quality, thus, is supposed to be transformed into a leader, versed in the required traits and skills of leadership ,attuned to his specific domain of functioning, like designing a policy framework, preparing a mini course

or learning material or a teaching module etc., or planning a library assignment or a visit to a local industry or organising an event for a public issue etc., regular workshops and brainstorming can be of great benefit for cultivating specific leadership skills in the concerned stakeholders. A university or a college or a department should do considerable discussion on related requirements, develop materials and products, devise services and pool their experiences and expertise.

**Leadership Quotient :** A programme of reconstructing higher education through the pursuit of total quality, thus, hinges on the essentiality of the strength of the basic ingredient of the personality of the student. The leadership quotient of a stake holder would indicate the strength and credibility of that ingredient. It should be remembered here that the leadership trait of a person is specific to him, that the possessor should be aware of its strength and weaknesses, that he should understand that the trait will manifest itself in his different behaviours, both consciously and unconsciously, that its manifestation can be both in positive and desirable forms as well as in negative and harmful forms, and that society should provide formal and non-formal educational experiences to the possessor to make the leadership trait highly productive and beneficial both to himself and his clients and community at large.

Obviously, a sound education system would always assure that it imaginatively incorporates the various ingredients of leadership in its system and subsystems so that it continuously and regularly provides the necessary energy, initiative, pugnacity, zeal, push, dynamism, verve, patience, tenacity, courage , entrepreneurial zest and calculated risk taking behaviour to every one involved in the mission of education. The conventional education system based on rote learning and its external examination being insipid, pale, didactic and conformist in approach, it can never claim to have any quality or worth or cutting edge power in it to make a difference in the life of the learner or the teacher, let alone all other stakeholders and society both local as well as global .The great poet philosopher Dr Mohammad Iqbal has rightly vouchsafed for this element of creative leadership , which may be known as a sort of the " God Particle " , the term made current by the media to refer to the " Boson-Higgins " particle claimed to have been discovered by the scientists involved in the research at the CERN laboratory on the Franco-Swiss border in Europe. Says Dr Iqbal :

***amal sey hoti hai zindagi jannat bhi jahannam bhi***
***ki khaaqui apani fitarat meyn na noori hai na naari hai***

Let it be remembered that the leadership quotient of each brand of leadership consists of some basic ingredients. They are the building blocks of the respective quotient. Figure No;-2 shows the blocks.

**Values**

**Attitudes**

**Skills**

**Abilities**

**Capacities**

**FIGURE -2**
**Building Blocks of Leadership Quotient**

The list of the constituents of the respective building blocks given below below is basic, just skeletal, listing a few of them by way of illustration. They will have to be analysed, studied, and further classified and expanded with due attention to their denotation and connotation, in workshops of stakeholders in institutions periodically and the list be updated for implementation from time to time.

1. Capacities: to think, analyse, evaluate, compare, infer, draw conclusion, form opinion, judge, compare, contrast, deduce, imagine, memories, retrieve, arrange logically, reason, argue, collate, memorise, refer, etc
2. Abilities: to visualise, perceive, derive, accumulate, decide, agree, disagree, differ, dissent, oppose, rectify, moderate, advocate, persuade, correct, nullify, explore, design, produce, create, seek help,face an odd,move and shake, make a difference, make a paradigm shift, justify,address etc
3. Skills:manual, material, technical, literacy, numeracy, verbal, nonverbal, soft skills, hard skills, life skills, person skills, creative skills, arts and crafts, writing, reporting, ICT skills, computer skills, managing crisis and emergencies etc.[4]
4. Attitudes : positive and negative types, cooperation, helpfulness, sympathy, respectfulness, attachment, appreciation, honour, regard, supportiveness, volunteerism, risk taking, owning mistake, taking responsibility for decisions, righteous indignation at evils, readiness to protest and agitate etc.
5. Values : democratic, social, cultural, moral, economic, political, religious, business, citizenship and workmanship values, commitment to values in behaviour, and readiness to live them and support them in public life.

Apparently, the list is endless and will need to be modified and updated from time to time because the contexts of the systemic domains will change with the passage of time and emergence of new patterns of life. Therein lies the charm and challenge of defining and redefining the contents of leadership of a specific stakeholder. It will always be an emerging and evolving scenario viewed in relation to policy designs, curriculum contours, teaching and learning tasks in, and out of the classroom, research work and management tasks. A consolidated and integrated vision of several

leadership ingredients would give rise to an aggregate picture of the unity of quality in the entire enterprise of higher education. Naturally, therefore,the ultimate image can be anybody's guess.

It is the instrumental value of the concept of leadership that should ultimately count in its acceptance by individual institutions as a programme of action to enhance the quality of its educational services for the student. It is hoped that such programme will be immensely helpful in shaping the final product, namely the student's personality, and place him in the market place of the globalised world of work to act out his multiple roles of leadership commitedly, successfully and meaningfully. Figure No. 3 represents the crucial domains of his personality that will get irradiated by his involvement in the process of leadership based quality education.

**FIGURE-3: Domains of Student Personality**

**Cognitive**

**Personal** **Emotional**

**Domains**

**Skills and Psycho-Motor** **Socio-Cultural**

**Moral-Spiritual**

1. **The Cognitive Domain :** The student will grow into a mature, rational and autonomous thinker with a very high level of brain power that will see him through the toughest of psychological tasks and exigencies , capable of the most creative complex intellectual forays. He will have the capacities to learn on his own and to generate new knowledge by employing means and methods ranging from ordinary to the most sophisticated like the ICT and its G-3 and 4 gadgets.
2. **The Emotional Domain :** The student will develop an emotionally balanced personality strong enough to take in its stride shocks, euphoria, failures, successes, disappointments, setbacks- in short, all sorts of good and bad experiences of life. He will have sound coping skills to absorb jerks of exigencies, accidents and disasters, personal as well as collective, with poise, composure and serenity. He will have patience and a high tolerance quotient for unpleasant experiences.
3. **The Social Domain :** In all types of social environment, be it in a family, society, work-group, country, foreign lands etc. the student will have ability to adjust, accommodate, network, do give and take and contribute to the process of integration, cooperation ,interaction and social stitching for personal as well as group benefit. He will be free from prejudices of any kind whether of race, religion,

region, culture,status etc., be a willing colleague and when required to lead, be a sensitive, effective and accountable leader. He will have positive attitude for a multicultural approach to life and work compatible with demand of modern globalisation climate.

4. **The Moral-Spiritual-Aesthetic Domain :** This is a critical area of citizenship of a globalised world. The student will live by a moral code of behaviour for different walks of life-social, communitarian, economic, corporate etc. He should operationalise a large variety of values to realise a higher behavioural standard in all respects, be it just a personal matter or one pertaining to humanity at large, like human rights.

5. **The Practical Life Skills Domain :** As a citizen of the present day globalised world, a world of supremacy of knowledge , science, technology, business, industry , and market economy in full command, the student should possess qualities, skills, competencies and abilities that are a condition precedent to become a highly efficient, productive and successful citizen .He must be well versed in skills that guarantee faultless production of goods and services at his hands..He must prove to be a successful economic man, a versatile multi-tasker, while at the same time being a refined, responsible and sensitive gentleman.

Looking to their roles in the educational process in the leadership centred model, every stakeholder, more so the student who has to grow through education, is required to be first his own leader to develop the respective skills and abilities of his respective role. He should be a free agent himself. He will require to be trained and retrained frequently to be an effective leader to play his role effectively . Such training should begin with a sort of pledge -taking to commit to the mission. The noted Hindi poet Harivanshrai Bachchan composed a stirring song which could be used by our institutions conducting an induction programme for the stake holders so that all of them enter into a sort of a sacred covenant with themselves. Here it is:

***tu na thakegaa kabhi,***
***tu na thamegaa kabhi,***
***to na mudegaa kabhi,***
***kar shapath, kar shapath,***
***kar shapath,***
***agni path, agni path, agni path.***

After such invocation, every stake holder should be actively involved in their respective leadership related tasks. This commitment is akin to the Kaizan strategy the Japanese business and industry adopt for achieving TQM targets. A student stake holder, for example, is sensitised to be an autonomous learner marching on an ever-rising curve of quality learning on his own, with of course, getting the needed support and encouragement from his colleague stake holders, particularly fellow students, teachers, TLM makers et el. In order to continually raise his leadership quotient, he

will consciously pursue the path of rising excellence. The Japanese workers make a pledge for such journey which the Indian students, in particular, need to emulate.Here is the stirring pledge:

*Good ,better, best,*
*Never let it rest,*
*Till your good is better,*
*And your better best.*

The process of the assessment of leadership quotient (LQ) will have to be precise and inclusive so that all the stake holders operate compatibly with each other and there is an ultimate total LQ image to realise a brand name for the institution which should enable it to obtain a place in league tables on one hand, and on the other, the individual stake holders also should be able to acquire a sense of success and fulfillment as professional workers dedicated to the mission of quality education which India's higher education must realise to meet the challenges of globalisation by negotiating the crossroads by adopting an unconventional path to excellence. For this purpose, the process of establishing the precise contours of the LQ s of respective areas and stake holders, a seven-component strategy like the one the NAAC follows for the purposes of assessment and accreditation of higher education institutions can be pursued. Individual institutions can suitably modify it to meet their specific needs. The seven process components are given in Figure-4 below. They are: envisioning, planning, resourcing, implementing, appraising, applying and reporting.





**FIGURE-4: Process LQ**

**Conclusion .** India's higher education today is perilously perched on the confounding crossroads of the old and the new, of the possible and the desirable, of the promising and the frustrating elements. The choice is very difficult, indeed, as we are stuck in time and mostly averse to risk taking lest it should disturb our so called stability and safety, born out of somnolescence. But the mounting internal and external pressures of political, economic, social and professional forces require us to make a paradigm shift and choose an unconventional path. Agreed that such a transition from the traditional path of inertia and stagnation to that of initiative and innovation is full of hazards. But history says that there are always windfalls of gains for those who dare. And the renowned American poet, Robert Frost is as usual, with the adventurers in the struggle of life, giving the message of enterprising thrust to open up new horizons. Here are his prophetic words:

*Two roads diverged in a wood, and I took the one less travelled by, And that has made all the difference.*

## REFERENCES

1. GOI (2005).Report of the University Education Commission ( 1948-49). New Delhi: GOI
2. GOI (2003). Report of the National Education Commission (1964-66). New Delhi: GOI
3. GOI (2000). New Education Policy (NEP) (1986) - A Document. New Delhi: GOI
4. GOI (2000). Programme of Action (POA)(1986 and 1992) – Documents. New Delhi: GOI
5. GOI (2009). Report of the National Knowledge Commission (NKC) (2009).New Delhi : GOI
6. GOI (2009). Report of the Committee on Renovation and Rejuvenation of Higher Education (2009). New Delhi : GOI.
7. TOI (2012). Address to the Nation by the President Mr Pravan Mukerjee on the Eve of the Independence Day- A news item. (2012).TOI on-line
8. TOI (2012). Address to the Nation by the Prime Minister Dr Manmohansingh on the Independence Day- A news item. (2012) TOI on-line.

# ભાષાંતરના ગુણ

સારા ભાષાંતરમાં નીચેના ગુણ હોવા જોઈએ :

- એ જાણે સ્વભાષામાં જ વિચારાયું અને લખાયું હોય, એવું સહજ અને સરળ હોવું જોઈએ. જે ભાષામાંથી ઉતારાયું હોય, તે ભાષાના રૂઢિપ્રયોગો અને શબ્દોના વિશેષ અર્થો ન જાણનાર એને સમજી ન શકે, એવું તે ન હોવું જોઈએ.
- ભાષાંતરકારે જાણે મૂળ પુસ્તકને પી જઈને તથા પચાવીને એને ફરીથી સ્વભાષામાં ઉપજાવ્યું હોય, એવી એ કૃતિ લાગવી જોઈએ.
- આથી સ્વતંત્ર પુસ્તક કરતાં ભાષાંતર કરવાનું કામ હંમેશાં સહેલું નથી હોતું. મૂળ લેખક સાથે જે પૂરેપૂરો સમભાવી અને એકરસ થઈ શકે નહીં અને તેના મનોગતને પકડી લે નહીં, તેણે તેનું ભાષાંતર કરવું ન જોઈએ.
- ભાષાંતર કરવામાં જુદી જુદી જાતોનો વિવેક કરવો જોઈએ. કેટલાંક પુસ્તકોનું અક્ષરશઃ ભાષાંતર કરવું આવશ્યક ગણાય. કેટલાંકનો માત્ર સાર આપી દેવો બસ ગણાય. કેટલાંક પુસ્તકનાં ભાષાંતર સ્વસમાજને સમજાય એ રીતે વેશાંતર કરીને જ આપવાં જોઈએ. કેટલાંક પુસ્તકો તે ભાષામાં ઉત્કૃષ્ટ ગણાતાં હોય છતાં, પોતાનો સમાજ અતિશય જુદા પ્રકારનો હોવાથી, તેના ભાષાંતરની સ્વભાષામાં જરૂર જ ન હોય.

મો૦ ક૦ ગાંધી

# લોકશાહીના રખેવાળો

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

મોટા ભાગના દેશોની સરકારો રાજાશાહી, સરમુખત્યારશાહી કે લોકશાહીમાંથી ગમે તે એક પ્રકારની હોય છે. રાજાશાહી અને સરમુખત્યારશાહીમાં ક્યારે સત્તાધારીઓ બધી સત્તા હાથમાં લે તે કહી ન શકાય. 'આપખુદ સત્તાધારીઓ ઘણી વખત નિર્દોષ નાગરિકોને જેલમાં ધકેલી મૂકે છે અને કોઈ કોઈ મારી પણ નંખાવે છે. દુનિયામાં જ્યાં જ્યાં રાજાશાહી કે સરમુખત્યારશાહી હોય તે દેશોમાં ઘણી વખત આવું બનેલું છે. રાજાશાહી કે સરમુખત્યારશાહીની સરખામણીમાં લોકશાહી સરકાર ઘણી ધીમી લાગે છે. આ કારણે ઝડપી નિકાલ અને શિસ્ત માટે ઘણી વખત ઘણા બધા રાજાશાહી કે સરમુખત્યારશાહી પસંદ કરે છે. લોકશાહીમાં કોઈપણ જાતના ડર વગર નાગરિકો તેમનો અભિપ્રાય દર્શાવી શકે છે. આ કારણે ગમે તેવી અપૂર્ણ અને ધીમી લાગતી લોકશાહી સમજદાર નાગરિકો પસંદ કરે છે. ભારતની સરકાર લોકશાહી સરકાર છે. આ લોકશાહી સરકાર કઈ રીતે મજબૂત અને ઝડપી સરકાર બનાવી શકાય ?

મકાનો, પુલો, બંધો બાંધવા માટે, મોટાં મોટાં મશીનો બનાવવા અને ચલાવવા માટે, વિદ્યુત પેદા કરવા અને વહેંચવા માટે, કમ્પ્યૂટરોના પ્રોગ્રામો લખવા અને કમ્પ્યૂટરો બનાવવા માટે આપણે જે ઇજનેરો જોઈએ તેમને ભણાવવા માટે ભાતભાતની એન્જિનિયરિંગ કૉલેજો છે. મોટી અને નાની બૅન્કો, વિમા કંપનીઓ, ગ્રોસરી સ્ટોર્સ વગેરે માટે જરૂરી સ્ટાફને કેળવણી આપવા માટે કૉમર્સ કૉલેજો છે. જરૂરી ડૉક્ટરોને કેળવવા માટે મેડિકલ કૉલેજો છે. તે જ રીતે ઘણી બધી જરૂરિયાત માટે જરૂરી સ્ટાફની કેળવણી માટે ભાતભાતની સ્કૂલો અને કૉલેજો છે. આપણે આપણી સરકારનો વિચાર કરીએ તો લાખો સરકારી કર્મચારીઓ છે અને અબજોનાં બજેટ છે. **આ સરકારનો વિચાર કરીએ તો તેને ચલાવવા માટેના આપણા ચૂંટાયેલા કે ચૂંટણીમાં ઊભા રહેનારા નેતાઓ કે સેવકોને તૈયાર કરવા માટે સ્કૂલ કે કૉલેજો હોવી જરૂરી છે.**

આવી સ્કૂલો કે કૉલેજમાં ભણવા આવનાર વિદ્યાર્થીઓને આપણે શું શું ભણાવવું જોઈએ ? મારી દૃષ્ટિએ આવા વિદ્યાર્થીઓને **ઓછામાં ઓછું નીચે મુજબનું ભણાવવું જોઈએ.**

૧. ભારતનું બંધારણ
૨. આપણી કાયદા પદ્ધતિ : કૉર્ટો, હાઈકૉર્ટો અને સુપ્રિમ કૉર્ટ
૩. ગ્રામ પંચાયતો, જિલ્લા પંચાયતો અને રાજ્યોનાં બંધારણ
૪. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં જાહેરમાં પ્રવચનો કરવાની કેળવણી.
૫. સલામતી માટે : પોલીસ, હોમગાર્ડ અને લશ્કરના માળખાનો ખ્યાલ
૬. નીતિશાસ્ત્ર અને સદાચારનો વ્યવસ્થિત અભ્યાસ.

૭. દુનિયાનો ઇતિહાસ, ગુજરાત અને ભારતની ભૂગોળ અને આબોહવા. બની શકે તો ભારતનો પ્રવાસ.
૮. ખેતીવાડી, ભાતભાતના ગ્રામોદ્યોગ અને મોટા ઉદ્યોગોનો અભ્યાસ.
૯. ધર્મો : હિન્દુ ધર્મ, મુસ્લિમ ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો અભ્યાસ. આ ધર્મોનું મળતાપણું અને ભિન્નતા.
૧૦. કમ્પ્યૂટર, મોબાઈલ અને નવી આવતી ટૅક્નોલૉજીનો બરાબર ઉપયોગ કરવાનું શીખવવું જરૂરી છે.
૧૧. સમાજનો ખ્યાલ આવે તે માટે ગામડાંઓનો અને મોટાં શહેરોનો પ્રવાસ. પ્રવાસ દરમિયાન ઝૂંપડાંઓ, ખેતી, રહેઠાણો અને રસ્તાઓનો અભ્યાસ.

આમાંથી જરૂરી ન લાગે તે કાઢી શકાય અને આમાં ન જણાવેલી યોગ્ય વસ્તુઓ ઉમેરી શકાય. સમય પ્રમાણે આ બધું બદલાતું રહેવું જરૂરી પણ છે.

બારમા ધોરણ પછી આ ચાર વર્ષનો અભ્યાસક્રમ રહેશે. ઉનાળાની રજાઓમાં ગાંધીનગરમાં પ્રધાનોની ઑફિસોમાં અનુભવ માટે ઇન્ટર્નશીપ (Internship) સરળતાથી ગોઠવી શકાય. શક્ય છે કે સારા વિદ્યાર્થીને અભ્યાસક્રમ પૂરો કર્યા પછી સરળતાથી પ્રધાનોને ત્યાં અને જુદા જુદા પક્ષોનાં કાર્યાલયોમાં નોકરી મળી શકે.


આના માટે ઓછામાં ઓછા ત્રણ કરોડ રૂપિયા સર્વ વિદ્યાલય કેળવણી મંડળે ઊભા કરવા જોઈએ. આનું વ્યાજ આશરે વીસથી પચીશ લાખ થાય. શરૂઆત ત્રણ કે ચાર અધ્યાપકોથી થઈ શકે. આપણી ભગિની સંસ્થાઓમાંથી શરૂઆતમાં મદદ મળી શકે. આપણને શરૂઆતનાં વર્ષોમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય ભવનના કોઈપણ માળે થોડાક વર્ગો અને ઑફિસો મળે તો ચાલે. વર્ગો અને ઑફિસો આપણા ગાંધીનગરના કેમ્પસમાં કોઈપણ જગ્યાએ મળે તો ચાલે. આમાં સરકારી મદદની અપેક્ષા ન રાખવાની હોઈને, શરૂઆતમાં વિદ્યાર્થીઓને આકર્ષવા માટે હોશિયાર વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ આપવી પડે. સર્વ વિદ્યાલય કડીના જૂના દિવસો યાદ દેવડાવી દે તો નવાઈ નહિ – વિદ્યાર્થીઓ અને પૈસા બંને શોધવા જવું પડે. કદાચ આ બંને માટે ભીખ પણ માગવી પડે. ખૂબ જ મહેનત કરવી પડે.

આવું સાહસ જરૂરી ખરું ? જેમ પહેલાં ડૉક્ટરોને બદલે અનુભવી વડીલોની સલાહ પ્રમાણે દવા થતી, પણ ડૉક્ટરોની દવાને અનુભવી વડીલોની દવા ન પહોંચે. ભણેલા વેપારીઓ, યોગ્ય કેળવણી પામેલા વૈજ્ઞાનિકો અને ઇજનેરો સમાજને આગળ લઈ જવામાં અગત્યનો ભાગ ભજવે છે. તે જ પ્રમાણે જો આપણી લોકશાહીના રખેવાળોને યોગ્ય કેળવણી આપવામાં આવે તો આપણી લોકશાહી ખૂબ જ મજબૂત બને અને સમાજ પણ સમૃદ્ધ બને. આવી કેળવણીની ખરેખર જરૂર છે, પણ આવી કેળવણી લેવા માટે મોટી ફી આપીને વિદ્યાર્થીઓ ભણવા આવશે ? આ ખૂબ જ મોટો પ્રશ્ન છે અને તેનો જવાબ સરળ નથી. આ જ પ્રશ્ન સર્વ વિદ્યાલય, કડી માટે શરૂઆતનાં વર્ષોમાં હતો. છગનભા અને તેમના સહકાર્યકરોએ સાહસ જ કરેલું, પણ કોઈનીયે કલ્પનામાં ન આવે તેવું સફળ નીવડ્યું. આપણે જો આ સાહસ કરીએ, તો શું થશે તે કહેવું મુશ્કેલ છે, પણ જો આપણે આ સાહસ નહિ કરીએ તો બીજું કોણ આ સાહસ કરશે ?

નરસિંહજી મંદિર પાસે,
ઉવારસદ રોડ
મુ. પો. શેરથા,
તા. જિ. ગાંધીનગર

# ગ્રંથસૌરભ

**રવીન્દ્ર સંચયિતા / સંપાદકો : અનિલા દલાલ અને ભોળાભાઈ પટેલ – અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૧૨. ૩૪,૭૦૨ પૃ. કિં રૂ. ૪૬૦/–**




ભારતીય સંસ્કૃતિના ઉદ્ગાતા કવિવર રવીન્દ્રનાથ ટાગોર (૧૮૬૧-૧૯૪૧) ની સાર્ધ જન્મશતાબ્દીની ઉજવણી સમગ્ર દેશમાં અને વિદેશોમાં ભારે ગૌરવપૂર્ણ રીતે તેમજ એકાધિક રીતે કરવામાં આવી, જેમકે રવીન્દ્ર સાહિત્યનો આસ્વાદ, વિવેચન અને પુનર્મૂલ્યાંકન સંબંધી ગોષ્ઠિઓ અને પરિસંવાદો, કાવ્યપાઠ, વિવિધ કૃતિઓનાં નાટ્ય રૂપાંતરો અને ભજવણી તથા ફિલ્મ રૂપાંતરો, ચિત્રકળા અને સાહિત્ય પ્રદર્શનીઓ વગેરે દ્વારા. આ બધી ઉજવણીઓ પ્રાયઃ સરકાર કે સંસ્થાગત ધોરણે તો ક્વચિત્ વ્યક્તિગત ધોરણે પણ કરવામાં આવી. ગુજરાતના સંદર્ભમાં વાત કરીએ તો રવીન્દ્ર સાહિત્યના પ્રખર અભ્યાસી તથા પ્રતિભાસંપન્ન સર્જક સ્વ. ભોળાભાઈ પટેલની નિશ્રામાં'ગુજરાતી સાહિત્ય પરિષદ' દ્વારા 'રવીન્દ્ર મહોત્સવ'નું તા. ૨થી ૭ મે, ૨૦૧૨ દરમ્યાન વૈવિધ્યપૂર્ણ અને ગૌરવશીલ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અંતર્ગત 'રવીન્દ્ર સંચયિતા' અને 'રવીન્દ્ર વિવેચન' એમ બે ગ્રંથોનું લોકાર્પણ રવીન્દ્રનાથના જન્મદિને અર્થાત્ તા. ૭ મે ના રોજ કરવામાં આવ્યું હતું. આ હેતુસર ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા 'ટાગોર કોમોમેમોરેશન ગ્રાન્ટ સ્કીમ'નો લાભ પણ પરિષદને મળ્યો હતો. જ્યારે બીજી બાજુ સ્વાન્તઃસુખાય રઘુનાથગાથાની જેમ આપણા સૂચિપુરુષ ગ્રંથાલયી શ્રી પ્રકાશ વેગડ દ્વારા રવીન્દ્ર સાહિત્યનું અવગાહન કરીને 'રવીન્દ્રનાથ ટાગોરનો વિનોદવૈભવ' (૨૦૧૨)નું સંપાદન – પ્રકાશન કરવામાં આવ્યું.

રવીન્દ્રનાથનો ગુજરાત સાથે ઠીક ઠીક લગાવ રહ્યો છે. તેમણે કિશોરવયે વિલાયત જતાં પહેલાં કેટલાક માસ પોતાના મોટાભાઈ કે જેઓ અમદાવાદમાં ન્યાયાધીશ હતા તેમના ત્યાં શાહીબાગ પેલેસમાં નિવાસ કર્યો હતો. તેમણે આ સંબંધી સંસ્મરણો 'અમદાવાદ' (પૃ. ૬૬૯– ૬૭૦) શીર્ષક હેઠળ 'જીવનસ્મૃતિ' માં નોંધ્યાં છે. આ પછી પણ તેમનું પ્રસંગોપાત્ત અમદાવાદ આવવાનું થયું હતું. પરિણામે આ સમય ગાળામાં ગુજરાતમાંથી ઘણા વિદ્યાર્થીઓ શાંતિનિકેતન ભણવા ગયા હતા. ટાગોરે સ્વયં 'ભાનુસિંહેર પત્રાવલિ' (૧૯૧૭–૨૯)-માં ઉલ્લેખ કર્યો છે કે 'અમારે ત્યાં ૨૫ ગુજરાતી છોકરાઓ છે' ... (પૃ. ૫૦૩). શાંતિનિકેતનમાં અભ્યાસના કારણે બંગાળી સાહિત્યનું ભારે ઘેલું લાગતાં ટાગોર, શરતચંદ્ર વગેરેની વિવિધ કૃતિઓના એકાધિક અનુવાદો થયા. ટાગોરની 'ગીતાંજલિ' ના ૧૦થી અધિક ગુજરાતી અનુવાદો થયા છે. ગુજરાતી વાચકોએ બંગાળી સાહિત્યને પોતીકા તરીકે અપનાવી લીધું. નગીનદાસ પારેખ,

રમણલાલ સોની, ઉમાશંકર જોશી, સુરેશ જોશી, અનિલા દલાલ, ભોળાભાઈ પટેલ, જયંતીલાલ આચાર્ય, ઝવેરચંદ મેઘાણી, મહાદેવ દેસાઈ, નરહરિ પરીખ, શૈલેશ પારેખ, પ્રસાદ બ્રહ્મભટ્ટ વગેરેએ બંગાળી સાહિત્યનું ગુજરાતીમાં અવતરણ કરાવીને ઉભય ભાષા-સાહિત્યોને સમૃદ્ધ કર્યાં છે.

રવીન્દ્રનાથ ટાગોરે વિવિધ સાહિત્યસ્વરૂપોમાં માતબર પ્રદાન કર્યું છે. આ ઉપરાંત સંગીત, ચિત્રકળા વગેરેમાં પણ ખરું. તેમણે પોતે જ એક સ્થળે લખ્યું છે કે 'ભવિષ્યના દરબારમાં મારી કવિતા – વાર્તા – નાટકનું જે થવાનું હશે તે થશે, પણ મારાં ગીતોને તો બંગાળી સમાજે અપનાવવાં પડશે. મારાં ગીતો બધાંને ગાવાં પડશે...' ભોળાભાઈએ આ સંદર્ભે નોંધ્યું છે કે 'આજે આ વાત બંગાળના સંદર્ભેમાં કહીએ તો અક્ષરશઃ સાચી છે.' કવિની જન્મશતાબ્દીની ઉજવણીના ભાગ તરીકે બંગાળ સરકારે 'રબીન્દ્ર રચનાબલી' (૧૯૬૧) શીર્ષક હેઠળ સમગ્ર રવીન્દ્ર સાહિત્યનું ૧૫ ખંડો (અંદાજિત ૧૨૦૦૦ પૃષ્ઠો)માં પ્રકાશન કર્યું હતું. આ બૃહદકાય રચનાવલીના આધારે આપણે તેની વ્યાપકતાનો આછેરો ખ્યાલ મેળવી શકીએ છીએ. ગુજરાતી ભાષામાં રવીન્દ્રનાથનું ઘણું ખરું સાહિત્ય અનુવાદિત થયું છે. આ અનુવાદિત સાહિત્ય પૈકી અહીં ફક્ત ૭૦૨ પૃષ્ઠોમાં પસંદગીની કૃતિઓ કે તેના અંશો નો સમાવેશ કરવામાં આવ્યો છે. આટલી રસવૈવિધ્યપૂર્ણ વિપુલ સાહિત્યસંપદા અને તેની સાથે સાથે વિવિધ કૃતિઓના એકાધિક અનુવાદોની ઉપલબ્ધિના કારણે કઈ કૃતિ અને કોના અનુવાદની પસંદગી કરવી એ સંપાદકો માટે સ્વાભાવિક રીતે જ દુષ્કર કાર્ય ગણાય ! આ સમસ્યાથી અવગત એવાં બંગાળી અને રવીન્દ્ર સાહિત્યનાં પ્રખર અભ્યાસી-અનુવાદક દ્વય સંપાદકોએ પ્રસ્તુત સંપાદનના માધ્યમથી પોતાના નીરક્ષીર વિવેકની પ્રતીતિ કરાવી છે.

પ્રસ્તુત સંપાદન સંબંધી સંપાદકોનો દૃષ્ટિકોણ : 'અમારો આશય રવીન્દ્રનાથની રચનાઓનું પ્રતિનિધિત્વ થાય, એ કરતાં વાચકોને ચિરંજીવ અને રસપ્રદ વાચન મળે એ રીતે પસંદગી કરી છે. સંભવ છે કે અનેક રવીન્દ્રપ્રેમીઓને તેમાં એમની પ્રિય વાર્તા, કવિતા કે નાટક, નિબંધ કદાચ ન પણ મળે. આ ચયન માટે અમે ગુજરાતીમાં સુલભ અનુવાદો તરફ નજર દોડાવી છે ...તેમાંથી કોના અનુવાદો લેવા, તેમાં અમે અમારો વિવેક વાપર્યો છે (પૃ. ૧) ધ્યાનાર્હ બની રહે છે. પ્રતિનિધિ સંગ્રહના સ્થાને ચિરંજીવ – શાશ્વત સાહિત્યની પસંદગીનો માપદંડ શ્લાઘનીય છે. અહીં ૧૧ વાર્તાઓ, ૨ નવલકથાઓ – 'ચાર અધ્યાય' અને 'ઘરે બાહિરે' ના અંશો, ૩ નાટકો – 'ડાકઘર', 'ચિત્રાંગદા', અને 'ચંડાલિકા', ૪૧ કાવ્યો, ૮૮ ગીતો, ૧૫ વ્યક્તિઓ સાથેના પત્રવ્યવહાર પૈકી થોડાક પત્રો, ૧૧ પ્રવચનો, ૬ પ્રવાસ અંશો, ૫ હાસ્ય વ્યંગ્ય અને અન્ય ગદ્યસૃષ્ટિ હેઠળ ૧૧ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ત્રણ પરિશિષ્ટો – રવીન્દ્ર જીવનાનુક્રમ, અકારાદિ ક્રમથી ગીતોની સૂચિ અને બંગાળી ઉચ્ચારણની કેટલીક વિશેષતાઓ – દૃષ્ટિપૂત હોવાથી વિશેષ ઉપયોગી બની રહે છે. અહીં એક વિશેષ ધ્યાનપાત્ર બાબત એ છે કે વાચકો મૂળ કવિ-વાણીનો સંસ્પર્શ પામી શકે તે હેતુસર સંપાદકોએ રવીન્દ્રનાથનાં કાવ્યો અને ગીતોના ગદ્ય અનુવાદો આપવાની સાથે સાથે તેમનો મૂળ બંગાળી પાઠ ગુજરાતી લિપિમાં આપ્યો છે, જે શ્લાઘનીય છે.

ગ્રંથના પ્રારંભમાં ભોળાભાઈ પટેલ કૃત લેખ 'રવીન્દ્રનાથની સાહિત્યસૃષ્ટિ' (પૃ. ૯-૨૮) માં રવીન્દ્રનાથે વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં કરેલા ખેડાણ અને પદાર્પણનો રસદર્શી આસ્વાદ અને મુલવણી કરવામાં આવેલ છે, જે તેના ભાવકને રવીન્દ્રમય બનાવી મૂકે છે. જો કે અહીં માત્ર વાર્તા,

નવલકથા, નાટક અને કવિતા ક્ષેત્રના પ્રદાન વિશે રવીન્દ્રનાથની સર્જકપ્રતિભાની વિકાસરેખા ઐતિહાસિક કાળક્રમમાં વિસ્તારથી તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં ચર્ચવામાં આવી છે. સાથે સાથે બંગાળી સાહિત્યનાં વિવિધ સાહિત્યસ્વરૂપોમાં રવીન્દ્રનાથની કૃતિઓ કયાં તે પણ સરસ રીતે તારવી આપ્યું છે. તેમજ તેમણે આ પૈકીની કેટલીક કૃતિઓનો રસાસ્વાદ પણ કરાવ્યો છે. પરંતુ, રવીન્દ્રનાથે ખેડેલ અન્ય સાહિત્યસ્વરૂપો જેમકે નિબંધ, આત્મકથા, પત્ર, ડાયરી, ભ્રમણવૃત્ત વગેરે વિશે અછડતો પરિચય જ કરાવ્યો છે, જેની સંતૃપ્તિ આપણને હવે કોણ કરાવશે ? આશ્ચર્ય તો એ છે કે કિશોરવયે સાહિત્યપદારથમાં રસ કેળવતાંની સાથે જ રવીન્દ્ર સાહિત્ય અને બંગાળી સાહિત્યના અધ્યયનનું ઘેલું લાગ્યું અને આજીવન તેના ઉપાસક બની રહ્યા ! આપણને બંગાળીમાંથી કેટલાક ઉત્તમ અનુવાદો પણ તેમણે આપ્યા. રવીન્દ્રનાથ પ્રત્યેની અનન્ય આસ્થાનું જ્વલંત ઉદાહરણ એ કે ઊર્ધ્વલોકની અંતિમયાત્રાની અંતિમ રાત્રીએ રવીન્દ્ર સાહિત્યનું વાચન કરતાં કરતાં જ સૂઈ ગયા..... રવીન્દ્રનાથને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પણ કરતા હોય તેમ પ્રસ્તુત ગ્રંથ ‘રવીન્દ્ર સંચયિતા’ એ તેમનો અંતિમ ગ્રંથ બની રહ્યો !

રવીન્દ્ર સાહિત્ય સંદર્ભે ભોળાભાઈનાં નીચે દર્શાવેલાં કેટલાંક અવલોકનો વિશેષ ધ્યાનાર્હ બની રહે છે :

- ‘આ સમયે ટૂંકી વાર્તાનું સ્વરૂપ આપણે ત્યાં તો શું, પશ્ચિમમાં પણ સ્થિરતા પામવા મથી રહ્યું હતું. એવે વખતે એમણે કલાદૃષ્ટિએ બેનમૂન વાર્તાઓ લખી. એક રીતે ટૂંકી વાર્તાના કલા-સ્વરૂપનું બંગાળીમાં ઘડતર કર્યું.’ (પૃ. ૧૦)
- ‘રવીન્દ્રનાથનો વાર્તાલોક આજે પણ તાજગી ભર્યો છે. વાસ્તવ જીવન પર આધારિત હોવા છતાં તેમાં વાસ્તવની કટુતા નથી. અહીં વેદના છે. પણ તે માધુર્યથી રસિત છે. આ વાર્તાઓ ગીતધર્મા છે. કવિતાનો સંસ્પર્શ વાર્તાને ચિરંતનતાથી રસે છે.’ (પૃ. ૧૩)
- ‘(ગોરા) નવલકથામાં વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના પ્રશ્નો પરસ્પર ગૂંથાતા જઈ આ વિશાળ નવલકથાને એકત્વ અર્પે છે. જાતિ અને ધર્મથી પણ મનુષ્ય ઉપર છે, એમ પ્રતિપાદિત કરતી આ નવલકથામાં રવીન્દ્રનાથ માનવધર્મના પૂજારી તરીકે આવે છે.’ (પૃ. ૧૫-૧૬)
- ‘શરૂઆતની આ રચનાઓ પછી રવીન્દ્રનાથમાં રહેલો નાટકકાર સોળે કળાએ પ્રકટે છે. ‘વિસર્જન’ જેવી ટ્રેજેડી અને ‘ચિત્રાંગદા’ જેવાં નિતાંત સુદર નાટક તેઓ આપે છે’ (પૃ. ૧૯).... ‘નૃત્યનાટિકાઓ એ રવીન્દ્રનાથનું મૌલિક પ્રદાન ગણાય.... અવશ્ય એની પ્રેરણાનાં બીજ નીવાબાલિનાં નાટકોમાં જોઈ શકાય.’ (પૃ. ૨૨)
- ‘કવિની ઉત્તરકાલીન રચનાઓમાં માનવપ્રેમ મુખરિત છે. પોતાની કાવ્યયાત્રાને અંતે તે જાણે મનુષ્યદેવતાના ઉપાસક બને છે. મનુષ્યના પ્રીતિપાત્રમાં ‘સુંદર’ના આશીર્વાદની સુધાનો આસ્વાદ તેઓ પામે છે :


**એ જીવને સુન્દરેર પેયેછિ મધુર આશીર્વાદ**
**માનુષેર પ્રીતિપાત્રે પાઈ તાંરિ સુધાર આસ્વાદ’.**
**(પૃ.૨૭)**

- ‘આમિ ચંચલ હે, આમિ સુદૂરેર પિયાસી....

ગાનાર કવિ ભલે એ વિપુલ સુદૂરની પાસે ચાલ્યા ગયા હોય, પણ એમની વિપુલ અકલાન સાહિત્યસૃષ્ટિ દ્વારા એમના વાચકોના જીવંત હૃદયમાં અક્ષય સ્થાન પામ્યા છે. અક્ષરદેહે રવીન્દ્રનાથ આપણી વચ્ચે છે અને રહેશે.’ (પૃ. ૨૮)

**– મણિભાઈ પ્રજાપતિ**

**Nurturing Institutional Excellence: Indian Institute of Management/ ed. by Vijaya Sherry Chand and T.V. Rao. New Delhi: Macmillan Publishers India Ltd, 2011. ISBN 10: 0230 - 32193-3. xlvii, 476 p. Rs. 900.00**




મેનેજમેન્ટ શિક્ષણ ક્ષેત્રે વિશ્વની પ્રથમ હરોળની 'Institutes of Excellence'માં 'Indian Institute of Management, Ahmedabad (IIMA) ગણનાપાત્ર સ્થાન ધરાવે છે, જે ગુજરાત અને દેશ માટે ગૌરવરૂપ છે. IIMA (૧૯૬૧) ની સ્થાપનાની સુવર્ણજયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં પોતાની અવિરત વિકાસયાત્રા દરમ્યાન અનુભવેલ સંઘર્ષો, સમસ્યાઓ, પડકારો અને મેળવેલ ઉપલબ્ધિઓને તેના બે કર્મઠ અધ્યાપકોએ તેના પ્રમુખ Stake-holders – બોર્ડ ચેરમેન, નિયામકશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વગેરે – પૈકી પસંદગીના સ્ટેક હોલ્ડર્સ પાસેથી તેમના સ્વાનુભવજન્ય તથા સંશોધન – અધ્યયનશીલ લેખો મેળવીને પ્રસ્તુત પુસ્તકમાં ગ્રંથસ્થ કર્યા છે. પ્રારંભિક ૩૦ વર્ષનો અર્થાત્ ૧૯૯૦ સુધીનો સ્ટેટ ઑફ આર્ટ રિપોર્ટ 'Institution Building in Education and Research (૧૯૭૪), 'Institution Building : The IIMA Experience : The Early Years' and 'Institution Building : The IIMA Experience : The Supplement' (૧૯૯૩) માં રજૂ કરવામાં આવ્યો હોવાથી અહીં પ્રાયઃ છેલ્લાં ૨૦ વર્ષની વિકાસગાથા અર્થાત્ વૈશ્વિકરણની નીતિ બાદ ઇન્સ્ટિટ્યૂટ સામે નવા પેદા થયેલા પડકારો અને પરિસ્થિતિઓનો સામનો કરવા માટેની કટિબદ્ધતા તથા બદલાતા સમયનાં વહેણાં સાથે કદમ મિલાવવા માટે કરેલાં પરિવર્તનો નો યથાતથ ચિતાર આપવામાં આવ્યો છે. અહીં ઇન્સ્ટિટ્યૂટની સંસ્થાકીય પ્રક્રિયાઓ, પ્રયોગો, મૂલ્યો, સ્વાયત્તતા, આત્મનિયંત્રણ અને ઉત્તરદાયિત્વની ઉચ્ચભાવનાની સંસ્કારિતા, નેતૃત્વ, વિકેન્દ્રિત જૂથોમાં કાર્યની ગતિશીલતા વગેરેએ આ સંસ્થાના નિર્માણમાં કેવી ભૂમિકા નિભાવી છે તે સંબંધી નિર્ભીક વિચારો પોતાનાં અનુભવો, અધ્યયન, સંશોધન અને કેસ સ્ટડીના આધારે સ્ટેકહોલ્ડર્સ દ્વારા રજૂ કરવામાં આવ્યાં છે. સ્વાયત્તતા અને ઉત્તરદાયિત્વ – accountability – ના ખરા અર્થમાં સમન્વય અને તેના થકી જ સર્વશ્રેષ્ઠતા હાંસલ કરી શકાય છે, તેનું તાર્દશ ઉદાહરણ છે IIMA.

પ્રથમ વિભાગના પ્રારંભ પૂર્વે સંપાદકોએ દૃષ્ટિપૂર્ણ રીતે IIMA ની પ્રોફાઈલ અંતર્ગત તેનો વિશાળફલક ઉપર વર્ણનાત્મક સ્વરૂપમાં પરિચય આપ્યો છે. અહીં સંસ્થાના સ્થાપક સ્વપ્નદ્રષ્ટાઓ વિક્રમ સારાભાઈ, કસ્તૂરભાઈ લાલભાઈ વગેરેની ભૂમિકા, કેમ્પસ અને તેના આર્ષદ્રષ્ટા આર્કિટેક્ટ Louis Kahn, માળખાગત સુવિધાઓ, દૃષ્ટિ, ઉદ્દેશ અને હેતુઓ, અભ્યાસક્રમો, અધ્યાપકો, કર્મચારીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ, સંચાલક મંડળ, માળખું વગેરે બાબતોને આવરી લઈને IIMA એટલે શું ? તેની એક ઝલક પ્રસ્તુત કરવામાં આવી છે. આ પ્રકરણ હવે પછીનાં પ્રકરણોને સમજવા બીજરૂપ ભૂમિકા પૂરી પાડે છે.

પ્રસ્તુત ગ્રંથનું વિષયવસ્તુ બે વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પ્રથમ વિભાગ 'Institutional Governance, Development and Resilience' અંતર્ગત 'Reflections on Processes of the IIMA' મથાળા હેઠળ ૧૪

પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં સંસ્થાના સ્થાપના સમયની પ્રારંભિક સ્થિતિ અને રાષ્ટ્ર – નિર્માણની જરૂરિયાત, તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલનો દષ્ટિકોણ વગેરેને ધ્યાને લઈને સંસ્થાનો ક્રમિક વિકાસ, જ્ઞાન નિર્માણમાં ફાળો, ઉત્તમતાની ખોજ, સંચાલના પ્રશ્નો, સંસ્થાનિર્માણની પ્રક્રિયા, વહીવટીય કામગીરી વગેરે બાબતોને ધ્યાને લઈને ઇન્સ્ટિટ્યૂટના વર્તમાન ડાયરેક્ટર સમીર બરૂઆ, પૂર્વ ડાયરેક્ટર બકુલ ધોળકિયા અને પ્રદીપ ખાંડવાળા, પૂર્વ ચેરમેન નારાયણમૂર્તિ, બોર્ડ ઑફ ગવર્નન્સના પૂર્વ વડા પ્રફુલ્લ અનુભાઈ વગેરેએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. બરૂઆ સ્થાપનાકાલીન પ્રક્રિયાઓને આજે પણ સુસંગત ગણાવીને નોંધે છે કે 'it ought to be the basis for leadership that will place IIMA as thought leaders in management in the world.' ખાંડવાળાએ ઉદારીકરણ અને વૈશ્વિકરણના પ્રારંભિક તબકકા સમયે – ૧૯૯૦ના ગાળામાં – સંસ્થાનાં ચાવીરૂપ સામર્થ્યો જેમકે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા, ગુણવત્તાસંપન્ન અધ્યાપકો, અધ્યાપકોને સ્વાતંત્ર્ય, અધ્યાપકો અને વિદ્યાર્થીઓની મેરીટના આધારે પસંદગી, વ્યવસ્થાતંત્ર, દિશા સૂચક સંશોધનો, સમાજ સુસંગત કાર્યો જેમકે PSG, CMA અને અન્ય જૂથો વગેરે જમા પાસાંઓની સાથે પ્રારંભિક સમયમાં સ્ટાફની સમસ્યાઓ અને સામાજિક સુસંગતતાની સંસ્કારિતા તરફના ધોવાણનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત પ્રવર્તમાન સમયની કેટલીક સમસ્યાઓ તરફ અંગુલિનિર્દેશ કરતાં જણાવ્યું છે કે '...there is no cementing, overarching institutional mission, and the institute vision of excellence is flawed because it is not anachored to social relevance.'' ધોળકિયાએ વૈશ્વિકરણથી આવી પડેલ સમસ્યાઓનો સામનો કરવા માટેની વ્યૂહ રચનાઓ અને તેનો સાંગોપાંગ અમલ, શૈક્ષણિક માળખાગત સુવિધાઓનો વિકાસ, ફેકલ્ટી સ્ટ્રેન્થ, નવા કેમ્પસનો વિકાસ, આંતરરાષ્ટ્રીય માન્યતા વગેરે સંબંધી મુદ્દાસર વિસ્તારથી ચર્ચા કરી છે. પુસ્તકનાં બધાં પ્રકરણો પૈકી આ પ્રકરણ સૌથી વધુ પૃષ્ઠો (પૃ.૬૮–૧૧૬) ધરાવે છે. IIMA ના વિકાસના હાર્દને સમજવા માટે આ પ્રકરણ વ્યાપક માહિતી પૂરી પાડે છે. નારાયણમૂર્તિ પ્રવર્તમાન સમયને IIMA ને સ્વાયત્ત બનાવવા માટે ઉત્તમ તક તરીકે ગણાવે છે અને સંસ્થા નિર્માણ માટે ધ્યેયનિષ્ઠ બની રહેવા સૂચવે છે. પ્રફુલ્લભાઈ IIMA ના પબ્લિક – પ્રાઈવેટ પાર્ટનરશિપને ક્રિયાન્વિત કરવા સંદર્ભે પુનઃ વિચારણાને મુખ્ય પડકાર ગણાવે છે.

પ્રથમ વિભાગના ઉત્તરાર્ધ 'Contributing to Leadership in Management Education'માં પાંચ પ્રકરણો છે. અમદાવાદ યુનિવર્સિટીના Provost પ્રો. કાલરો અને એકતા શર્માએ ૬ લાક્ષણિકતાઓ ઓળખી બતાવી છે કે જે શ્રેષ્ઠ સંસ્થા નિર્માણને વ્યાખ્યાયિત કરે છે : અનુભવેલ માર્કેટ જરૂરિયાતનો પ્રતિભાવ આપવો, માર્કેટ સ્થળને ઓળખવું, માર્કેટિંગ ઉત્પાદનો અથવા સમાજમાં ઊભી કરેલી શુભનિષ્ઠા દ્વારા નાણાકીય સંસાધનો ગતિશીલ રાખવાં, ગુણવત્તાયુક્ત અને સક્ષમ વ્યવસાયિકોને સંસ્થા માટે આકર્ષિત કરવા તેમજ તેમને ટકાવી રાખવા. વધુમાં તેમણે નેતૃત્વ સંદર્ભે નોંધ્યું છે કે 'Who can create an ethos onculcate values, promote a culture and design structures which foster innovation and encourage creative expression.' શેખર ચૌધરીએ IIMA ના દૂરંદેશીતા, ઉદ્દેશ અને મૂલ્યો, માળખું, નિર્ણય કરવાની પ્રક્રિયા, આયોજન અને નિયંત્રણ પદ્ધતિઓ તથા પ્રક્રિયાઓ, લોકો માટેની અભિપ્રેરણા પદ્ધતિઓ તથા પ્રક્રિયાઓ અને

સંસ્થાકીય સંસ્કારિતા – સંબંધી લાક્ષણિકતાઓને અભિવ્યક્ત કરી છે, જે અન્ય માટે પ્રેરણારૂપ છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ એપ્લાઇડ મેનપાવર રિચર્સ, નવી દિલ્હીના ડાયરેકટર અજિત માથુરે પોતાની સંસ્થાના અનુભવોના આધારે સંસ્થા નિર્માણ માટે નેતૃત્વ સંદર્ભે કેટલાંક કીમતી સૂચનો કરતાં નોંધ્યું છે કે 'the leader must absorb the heat and poison of the system without mirroring it back.' વધુમાં જણાવ્યું છે કે સંસ્થાની સુસંગતતા, ક્ષમતા કે વક્રગતિ જીવંત સંસ્થાની મુલાકાત અને અનુભવ દ્વારા નિર્ણિત થાય છે. નહીં કે સંસ્થા ઊભી કરનારા લખે તે અનુસાર. અંતતઃ તે શાખ અને પ્રત્યાયન ઉપર નિર્ભર છે.

દ્વિતીય વિભાગ 'Innovations in Programmes, Structures and Facilities' માટે ફાળવેલ છે, જેમાં તેના પૂર્વાર્ધ 'Excellence in Teaching Programmes' માં ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ચલાવવામાં આવતા અધ્યાપનના ૭ પ્રોગ્રામ્સ – FPM, PGP, PGP – ABM, PGPX, FDP, MDP અને MDPs With Evaluation – વિશે ૭ પ્રકરણો ફાળવેલ છે. અહીં પ્રત્યેક અભ્યાસક્રમનું મહત્ત્વ અને વિશિષ્ટ તજજ્ઞતા, ઉપલબ્ધિઓ, રીતિ–નીતિ, પરીક્ષા, નાણાકીય બાબતો, પ્રવેશપ્રક્રિયા, પ્લેસમેન્ટ, વિદેશી સંસ્થા સાથે સ્ટુડન્ટ એકસચેન્ઝ પ્રોગ્રામ, કોર્સ મૂલ્યાંકન વગેરે વિશે વાસ્તવના ધરાતલ ઉપર રહીને સંશોધકીય અભિગમથી ચર્ચા કરવામાં આવી છે. આ અભ્યાસક્રમો ઉપરાંત IIMA દ્વારા પોતાના બંધારણીય માળખાની મર્યાદામાં રહીને ત્રણ સ્વાયત્ત સંસ્થાઓ : ૧. The Centre for Management in Agricultrue (૧૯૬૮). The Centre for Management in Health Services (૨૦૦૪). The Centre for Innovation, Incubation and Entrepreneurship (૨૦૦૧). સ્થાપવામાં આવેલ છે. આ કેન્દ્રોની સ્થાપનાનો ઇતિહાસ, માળખાગત, શૈક્ષણિક અને નાણાકીય સ્વાયત્તતા, ઉદ્દેશો, સંશોધન પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓ, પડકારો વગેરે વિશે ચર્ચા કરવામાં આવી છે. આ જ વિભાગના ઉત્તરાર્ધમાં 'Support Activities' હેઠળ પ્લેસમેન્ટ, લાઇબ્રેરી અને પ્રવેશ પરીક્ષા CAT વિશે ૩ પ્રકરણો ફાળવેલ છે ઇન્સ્ટિટ્યૂટના ઉદ્દેશોની માત્ર પરિપૂર્તિ અર્થે જ નહીં પરંતુ, તેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે આ ત્રણેય સહાયક પ્રવૃત્તિઓ પૂર્ણ નિષ્ઠા સાથે હાથ ધરવામાં આવી છે તે ડોક્યુમેન્ટેશન સાથે અહીં રજૂ કરેલ છે, તેમજ આ ત્રણેયનું IIMA માં શું સ્થાન છે અને આ પ્રવૃત્તિઓ જવાબદારીની સભાનતા સાથે કઈ રીતે નિભાવવામાં આવે છે તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. વિક્રમ સારાભાઈ લાઈબ્રેરીના લાઇબ્રેરિયન ડૉ. અનિલ કુમારે ગ્રંથાલયમાં સંગૃહીત મુદ્રિત, અમુદ્રિત, ઓનલાઈન ડેટાબેઝ વગેરેની સમૃદ્ધિ, કર્મચારીઓ અને વ્યવસ્થાતંત્ર, સંચાલન, માહિતી ટેકનોલોજીનો વિનિયોગ, સેવાઓ, ભારત સરકારની સહાયથી સ્થાપિત નેશનલ ઇન્ફરમેશન સેન્ટર ફોર મેનેજમેન્ટ (NICMAN) ઇન્ટીગ્રેટેડ લાઇબ્રેરી સિસ્ટમ, સમયના બદલાવ સાથે માહિતીનાં માધ્યમોમાં પરિવર્તનો, સામાજિક જવાબદારીના ભાગરૂપે ગ્રંથાલયમાં સંગૃહીત વાચનસામગ્રી અને સેવાઓનો લાભ સમાજના વિવિધ ઘટકો સુધી પહોંચાડવાનો ઉપક્રમ વગેરે વિશે રસપ્રદ માહિતી પૂરી પાડી છે. પ્રકરણના અંતમાં લેખકે પોતાના અનુભવ અને ચિંતનના આધારે મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટસનાં ગ્રંથાલયોના વિકાસ માટે કેટલાક મુદ્દાઓ વિચારણા અર્થે રજૂ કર્યા છે, જેમકે નિયત ધોરણોના સ્થાને ઉપભોકતાઓની જરૂરિયાત અને ભલામણો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું, ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ ઇન્સ્ટિટ્યૂટનાં ગ્રંથાલયોને માનદંડ તરીકે સ્વીકારવાં, જર્નલ્સ અને ડેટાબેઝની પસંદગીમાં માનદંડ મદદરૂપ, માહિતીના

સંવાહક તરીકે ડિજિટલ સ્વરૂપ એ આજની વાસ્તવિકતા, ડિજિટલ જર્નલ્સના આર્કાઈવલ હકકો મેળવવા, લાયક કર્મચારીઓની ભરતી કાળજીપૂર્વક કરવી અને તેમના વ્યવસાયિક વિકાસમાં ધ્યાન આપવું, ઉપભોકતાઓ માટે સુરુચિપૂર્ણ જગ્યા પૂરી પાડવી વગેરે ધ્યાને લેવા જેવા છે.

ગ્રંથના અંતભાગમાં ટી.વી. રાવ દ્વારા 'Change At IIMA' પ્રકરણમાં પોતાના IIMA સાથેના ૩૮ વર્ષના સુદીર્ઘ જોડાણ – લગાવથી સંસ્થાનાં પરિવર્તનો સંબંધી પ્રાપ્ત અનુભવોનો નિચોડ પ્રસ્તુત કર્યો છે. પરિવર્તનોની દિશા જાણવા માટે વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટી મેમ્બર્સ અને કર્મચારીઓનો મત જાણવા માટે ૧૯૭૭ અને ૨૦૧૦ માં હાથ ધરેલાં સર્વેક્ષણોનાં તારણો આધાર તરીકે રજૂ કર્યાં છે. શૈક્ષણિક સ્વાતંત્ર્ય અને સ્વાયત્તતા, સંશોધન ઉપર ધ્યાન, કેસ લેખન, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓની ગુણવત્તા, કોર્સની ગુણવત્તા અને સુસંગતતા, ગુણવત્તાયુક્ત અધ્યાપન, અભ્યાસક્રમોમાં નવીનીકરણ, સરકારી નિયંત્રણો જેવા ૧૮ પરિમાણો સંબંધી સર્વેક્ષણમાં અધ્યાપકોના પ્રાપ્ત પ્રતિભાવો IIMA શું છે તે સમજવા માટે પર્યાપ્ત થઈ પડશે.

પ્રસ્તુત ગ્રંથનું સમાપન કરતાં અંતિમ ફકરામાં IIMA સંબંધી ટી.વી.રાવનું તારણ વિશેષ ધ્યાનાર્હ બની રહે છે : 'IIMA continues to remain a great academic institution in which to study, learn, work and live. It has grown with the times and continues to remain a centre of excellence, in spite of the strains experienced in recent times on account of changes in the environment. This excellence is underpinned by faculty who have the neessary autonomy and expertise in teaching, research and consilting, good quality students, excellent support staff and strong support systems.'

સમગ્રતયા IIMA અને પ્રસ્તુત ગ્રંથ એમ બંને માત્ર મેનેજમેન્ટ સ્કૂલો માટે જ નહીં, પરંતુ ઉચ્ચશિક્ષણની હરકોઈ સંસ્થાના સાચી દિશાના નિર્માણ માટે રોલ મોડેલ બની રહે છે. તેમજ તેનું અધ્યયન વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સંચાલક મંડળ માટે અનેકવિધ રીતે નવી દિશા ચીંધનાર તથા ફળદાયી બની રહેશે. આજે મેનેજમેન્ટ શિક્ષણનું સાંગોપાંગ હાર્દ સમજ્યા સિવાય હાટડીઓ ખોલવાની ઘેલછા અને સ્પર્ધા જામી છે અને આ પ્રકારની કેટલીક MBA કૉલેજો મૃતપાય થવાના આરે છે તેવા સમયે પ્રસ્તુત ગ્રંથ મેનેજમેન્ટ શિક્ષણ વિશે જાણવા માટે દીવાદાંડીની ગરજ સારે છે. વિચારોત્તેજક, સત્ત્વશીલ અને દિશાસૂચક ગ્રંથના આયોજન અને સંપાદન માટે પ્રો. ચાંદ અને પ્રો. રાવ અભિનંદનના અધિકારી બની રહે છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

*જ્ઞાન, પ્રેમ અને શક્તિનું આપણામાં જેટલા પ્રમાણમાં પૂર્ણ મિલન થાય, તેટલા પ્રમાણમાં જ આપણે પૂર્ણ આનંદ અનુભવી શકીએ.*

**– રવીન્દ્રનાથ ટાગોર**

# સંસ્થા-સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આરોગ્ય પ્રદર્શન

શ્રીમતી ચંચળબેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગર દ્વારા ૧૯૫૧થી ૨૦૧૨ સુધી પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન સ્વાસ્થ્ય પ્રત્યે અમલમાં મુકાયેલી વિવિધ યોજનાઓ સંબંધી માહિતી, વસ્તી નિયંત્રણ, સ્વાસ્થ્ય સંરક્ષણ યોજના, વિવિધ ચેપી રોગો જેવા કે એઈડ્સ, ટી.બી., મેલેરિયા વગેરેનાં લક્ષણો અને તેને અટકાવવાના ઉપાયો, સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારથી શહેરી વિસ્તારની હૉસ્પિટલોમાં અપાતી સેવાઓ અને સ્વાસ્થ્ય માટે જનજાગૃતિના અમલીકરણ વિષેની રજૂઆત મનભાવંત ચિત્રો અને માહિતી દ્વારા તા. ૧૧/૯/૧૨ ના રોજ પ્રદર્શન સ્વરૂપે કરવામાં આવી હતી, જેનો લાભ લપકામણ, એપોલો, ચિલોડા વગેરેની નર્સિંગ કૉલેજોની બહેનો અને સ્ટાફે લીધો હતો. કાર્યક્રમનું આયોજન આચાર્યા રવિનાબેનના માર્ગદર્શન હેઠળ પ્રા. ભાવિષાબેન પટેલે કર્યું હતું.

### ઈન્ટર્નશીપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા પી.ટી.સી. કૉલેજના તાલીમાર્થીઓ માટે તા. ૨૩/૭/૧૨ થી તા. ૩/૮/૧૨ સુધી આયોજિત ઈન્ટર્નશીપ કાર્યક્રમમાં શરદબેન શાંતિભાઈ પટેલ પી.ટી.સી. કૉલેજ, ગાંધીનગરની ૪૩ તાલીમાર્થીઓ દ્વારા ગાંધીનગર શહેરની ૫ પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવી હતી. આ શાળાઓમાં તાલીમાર્થીઓએ બાળકોના પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત થાય એવા પ્રયત્નો કર્યા. રોજિંદા શિક્ષણકાર્યમાં વિવિધ ટી.એલ.એમ.નો ઉપયોગ કરી શિક્ષણ કાર્ય કર્યું, તેમજ દૈનિક પ્રાર્થના કાર્યક્રમમાં વિવિધ પ્રાર્થનાઓ, સુવિચાર, બાળગીત, નાટક, જાણવા જેવું, ભજન, લોકગીત અને ઘડિયાગાનનું આયોજન કર્યું હતું. બાળકોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે કેટલીક રમત-ગમતો, સુલેખન, ચિત્ર સ્પર્ધા, એક પાત્રિય અભિનય, બાળગીત, વર્ગ સુશોભન, શાળા સ્વચ્છતા જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### એજ્યુકેશન ફોરમ

પ્રશિક્ષણાર્થીઓની વાચન ટેવ વિકસે તેમજ તેઓ પ્રવર્તમાન સમસ્યાઓ બાબતે વિચારતા થાય અને નિર્ભયપણે સ્ટેજ પર પોતાના વિચારોને પ્રસ્તુત કરી શકે તે માટે આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરમાં 'એજ્યુકેશન ફોરમ' નામક શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન દર બુધવારે કરવામાં આવે છે. પ્રાધ્યાપકોના માર્ગદર્શન નીચે આયોજિત આ કાર્યક્રમમાં દેશ-વિદેશમાં બનતા બનાવો, ઘટનાઓ, સંશોધનો તેમજ કાયદા-કાનૂનને શિક્ષણના ભાગ રૂપે તેના ફાયદા - ગેરફાયદા અને તેનો અમલ અને પ્રભાવ વિશે ચર્ચા કરવામાં આવે છે. પ્રથમ સેશનમાં 'રાઈટ ટુ એજ્યુકેશન' ઉપર શ્રી અપર્ણા કુલકર્ણીએ રજૂઆત કરતાં શિક્ષણના અધિકાર કોને, કઈ રીતે, શા માટે, ક્યારે તથા તેમાં સફળતા નહીં મળવાનાં કારણો તથા તેના ઉપાયો વિષે ચર્ચા કરી

હતી. આ પ્રસંગે કૉલેજ પરિવારના સૌ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### એનિમેશન

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ, કૉલેજ, ગાંધીનગરમાં તા. ૨૮/૮/૨૦૧૨ના રોજ એનિમેશન વિશે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપના વક્તા શ્રી નિશાંત ત્રિવેદી અને શ્રી અજિતા સિંગે ઘણી સારી માહિતી પ્રદાન કરી હતી. વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં સમજણ કેળવાઈ કે ફળદ્રુપ કલ્પના શક્તિના સહારે એનિમેશન ક્ષેત્રે પણ ઓછી ડિગ્રીએ સારી કમાણી થઈ શકે છે.

### અંધશાળાની મુલાકાત

સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગરના તાલીમાર્થીઓએ ગાંધીનગરમાં સ્થિત અંધશાળાની તા. ૧૬/૦૭/ ૨૦૧૨ના રોજ મુલાકાત લઈ અંધવિદ્યાર્થીઓની સમસ્યાઓ વિશે અને બ્રેઈલ લિપિ, કમ્પ્યૂટર, સંગીત વગેરેનો તેઓ કઈ રીતે ઉપયોગ કરતાં શીખે છે તે સંબંધી માહિતી મેળવી હતી. આ ઉપરાંત કૉલેજ દ્વારા C.C.R.T. માંથી વિવિધ વિષયોની સ્લાઈડો લાવીને તાલીમાર્થીઓને બતાવવામાં આવી તેમજ પેપર કટીંગ પ્રવૃત્તિનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ અંતર્ગત તાલીમાર્થીઓએ કલાત્મક કૃતિઓનું સર્જન કર્યું હતું. વધુમાં, દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ માટે આદર્શપાઠ તથા ઇન્ટર્નશીપના હેતુસર ઓરિએન્ટેશન પ્રોગ્રામનું પણ કૉલેજ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

### કાનૂની જાગૃતિ

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા લીગલ અવેરનેસ પર બે વર્કશોપ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૨૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ઍડવોકેટ પદ્મરાજ જાડેજાએ કાયદાકીય માહિતી તથા સ્ત્રીઓના રક્ષણાત્મક કાયદાની જાણકારી આપી હતી.

### ગીત સ્પર્ધા

એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી ખાતે તા. ૧/૯/૨૦૧૨ના રોજ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. ગીત સ્પર્ધામાં પ્રથમ નંબરે સંદીપભાઈ એ. પટેલ અને સ્નેહાબેન પટેલ, દ્વિતીય નંબરે ચાંદનીબેન પટેલ અને ખોડાભાઈ પટેલ અને તૃતીય નંબરે નીશાબેન ચૌધરીએ સ્થાન મેળવ્યું હતું. તા. ૪/૯/૧૨ના રોજ આયોજિત એકપાત્રિય અભિનય સ્પર્ધામાં ૧૨ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં પ્રથમ નંબરે સંદીપભાઈ એ. પટેલ, દ્વિતીય નંબરે ખોડાભાઈ વી. પટેલ અને તૃતીય નંબરે રોમલબેન એન. પટેલ વિજેતા નીવડયાં હતાં. આ બંને કાર્યક્રમોનું સંચાલન તાલીમાર્થી કિરીટ પ્રજાપતિએ કર્યું હતું, જ્યારે માર્ગદર્શન પ્રા. પારૂલબેન એન. અત્તરવાલા અને પ્રા. મિત્તલબેન જે. પટેલે આપ્યું હતું.

### ટેકનોવિઝન ૨૦૧૨

નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ, કડીમાં બી.સી.એ, પી.જી.ડી.સી.એ. અને એમ.એસ.સી. (આઈ–ટી) ના વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોવિઝન ૨૦૧૨નું આયોજન તા. ૩–૪ સપ્ટેમ્બર, ૨૦૧૨ના દિવસોમાં કરવામાં આવ્યું હતું, જેનો હેતુ વિદ્યાર્થીઓમાં પડેલી ટેક્નિકલ આંતર સૂઝ અને શક્તિઓને બહાર લાવવાનો તેમજ તેમને ઇન્ફરમેશન ટેકનોલોજીથી પરિચિત કરવાનો રહ્યો હતો. આઈ–ટી ફેરમાં ૧૪ વિભાગમાં ૫૦૦ ઉપરાંત કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

આઈ–ટી ફેરના ઉદ્‌ઘાટન પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ ઉપરાંત ડૉ. રામભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, શ્રી ડી.ટી.કાપડિયા, ડૉ. ભાવિન પંડ્યા, સંચાલક મંડળના સભ્યશ્રીઓ, વિવિધ કૉલેજો અને શાળાઓના આચાર્યશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કડી નગરમાંથી આ ફેરની મુલાકાતે મોટી સંસ્થામાં જિજ્ઞાસુઓ આવ્યા હતા. વિવિધ શાળા–કૉલેજોના ૫૦૦૦ વિદ્યાર્થીઓએ આઈ.ટી. ફેરની મુલાકાત લીધી હતી.

## પરિસંવાદ

તા. ૧/૯/૧૨ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં 'મેનેજમેન્ટ ક્લબ વતી 'ઈફેકટીવ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન' વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું પ્રેઝન્ટેશન પ્રો. વિશાલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૩૦ ઓગસ્ટના રોજ 'બી. પી. ઓ. ક્ષેત્રે કારકિર્દી' વિશે મોટીફ ઇંડિયા લિ., અમદાવાદના શ્રી સમીર પારેખે પ્રેઝન્ટેશન કર્યું હતું, જ્યારે તા. ૩૧ ઓગસ્ટના રોજ 'રીકવાયરમેન્ટ ઑફ જોબ ઈન રીટેઈલ સેકટર' પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના મુખ્ય વકતા તરીકે ફ્યુચર યુનિવર્સિટીના સિનિયર એકઝયુકિટિવ શ્રી મનીષ મુલચંદાની હતા. તેમણે વિદ્યાર્થીઓ રીટેઈલ સેકટરમાં કેવી રીતે અને કયાં કામ મેળવી શકે તથા તે માટે તેમણે કેવા પ્રયત્નો કરવા જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## પીએચ.ડી.

- કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા એપ્રિલથી સપ્ટેમ્બર, ૨૦૧૨ દરમ્યાન નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને તેમના નામ સામે દર્શાવેલ શીર્ષક અને વિષય હેઠળ રજૂ કરેલા શોધપ્રબંધને સ્વીકારીને પીએચ.ડી. ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

૧. Dave Rasxesh Kiritkumar "Crisis of Identity in Hermann Hesse's Selected Novels"/Subject : English/ Guide : Dr. Jagdish S. Joshi.

૨. Vyas Hitendra Hiralal "The Role of Learners' Attitudes in Second Language Learning _ An Investigation into the Learner's Attitudes Towards the English Language at the Undergraduate Level in Arts Colleges in Urban and Rural Areas Affiliated to the Gujarat University"/Subject : English / Guide : Dr. Alkesh A Patel.

૩. Chaudhary Monghjibhai Babulal : "Shree Ramchandrasurikrut Rghuvilasnatkodhdhar : Ek Samikshatmak Adhyayan" = "શ્રી રામચન્દ્રસૂરિકૃત 'રઘુવિલાસનાટકોદ્ધાર' – એક સમીક્ષાત્મક અધ્યયન" / Subject : Sanskrit / Guide : Dr. Ambalal M. Prajapati.

૪. Ganatra Amit Pravinchandara "Information Fusion (Ensemble System) in Data Warehousing and Data Mining" / Subject : Engineering & Technology (Computer Engineering) / Guide : Dr. Yogeshwar Prasad Kosta.

- કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ડાયરેકટર ઑફ પબ્લિકેશન્સ શ્રી મણિભાઈ

પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ તોલાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના લાઇબ્રેરિયન શ્રી સુરેશ લાલવાણીએ રજૂ કરેલ શોધપ્રબંધ 'A Study of Information Seekling Behavior of Faculty Members of Management Colleges in Gujarat'ને સ્વીકારીને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ દ્વારા, અને આર્ટ્સ કૉલેજ, સતલાસણાના લાઇબ્રેરિયન શ્રી ભગવાનભાઈ કે. ચૌધરીએ રજૂ કરેલ શોધપ્રબંધ 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય અને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના ગ્રંથાલયોના વિકાસમાં યુજીસીનું પ્રદાન : એક અભ્યાસ' ને સ્વીકારીને હે. ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણ દ્વારા પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરની આર. એચ. પટેલ ઇંગ્લિશ મિડિયમ બી.એડ્. કૉલેજના પ્રા. રાજેશ શર્માના 'A Study of Teacher Morale with Reference to Different Variables' શીર્ષક હેઠળના શોધપ્રબંધને સ્વીકારીને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદએ પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ શોધપ્રબંધ ડૉ. આર. એમ. ત્રિવેદી, પૂર્વ પ્રિન્સિપાલ, એસ. ડી. સાઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દરાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

## મહેંદી સ્પર્ધા

સૂરજબા મહિલા બી.એડ્ કૉલેજ, કડીમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બહેનોએ મોટી સંખ્યામાં રસપૂર્વક ભાગ લઈ અવનવી મહેંદીની ડિઝાઈનો તૈયાર કરી હતી. આ સ્પર્ધામાં અરેબિક મહેંદીમાં પ્રથમ ક્રમે ચૌધરી અનિતા આર., બીજા ક્રમે ચૌધરી સંગીતા આર. અને ટ્રેડીશનલ મહેંદીમાં પ્રથમ ક્રમે પટેલ અંજના પી. વિજેતા બન્યાં હતાં.

## યુવા મહોત્સવ, સંગત – ૨૦૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા યુવા મહોત્સવ સંગત – ૨૦૧૨નું વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલના અધ્યક્ષપદે તા. ૧૧, ૧૨ ઓક્ટોબર, ૨૦૧૨ના દિવસોમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવના ઉદ્ઘાટક તરીકે ગુજરાત સમાચારના જાણીતા કટાર – લેખક શ્રી જય વસાવડા તથા અન્ય મહાનુભાવોમાં વિશ્વિવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી.ટી. કાપડિયા, કેળવણી મંડળના મંત્રીજી ડૉ. મણિભાઈ પટેલ, કુલસચિવશ્રી એસ. કે. મંત્રાલા, મંડળના સન્માનનીય હોદ્દેદારો અને સભ્યશ્રીઓ, મહોત્સવના કન્વીનર ડૉ. ભાવિન પંડ્યા, ફેકલ્ટીના ડીનશ્રીઓ, શાળા-કૉલેજોના આચાર્યશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પ્રસ્તુત મહોત્સવ સદ્‌ગત પ્રેસિડેન્ટ શ્રી માણેકલાલ પટેલ સાહેબને સમર્પિત કરવામાં આવ્યો હતો, જેનો થીમ 'યુથોવેશન એન્ડ સોસાઈટી' રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ યુવા-રેલીના આયોજન થકી કરવામાં આવ્યો હતો, જેમાં ૩૫ કૉલેજો વિવિધ મોડેલ રજૂ કર્યાં હતાં. આ મોડેલ્સ થકી આજનો યુવાન સંશોધનવૃત્તિથી સમાજને કેવી અલગ દિશા પૂરી પાડી શકે છે તે દર્શાવવાનો રહ્યો હતો. આ રેલીનું પ્રસ્થાન પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલે લીલીઝંડી દર્શાવીને કરાવ્યું હતું. આ મહોત્સવમાં ૧૧૦૦થી અધિક છાત્ર-છાત્રાઓએ ભાગ લીધો હતો. સમાપન સમારોહ તા. ૧૨ ઑક્ટોબરના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં મુખ્ય મહેમાનપદે ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ'ના ડાયરેક્ટર શ્રી અભિષેક જૈન તથા ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટ શ્રી ધવલ દવે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિજેતા વિદ્યાર્થીઓને મહેમાનોના વરદહસ્તે ઇનામો આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

## યુવા મહોત્સવનાં પરિણામો :

**રેલી :** પ્રથમ ક્રમ : એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.), દ્વિતીય ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ, તૃતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી. **હળવું કંઠ્ય સંગીત (ભા.) :** પ્રથમ ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય ક્રમ : એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, તૃતીય ક્રમ : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ. **હળવું કંઠ્ય સંગીત (પા.) :** પ્રથમ ક્રમ : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, દ્વિતીય ક્રમ : એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.), તૃતીય ક્રમ : એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ – કમ્પ્યૂટર એન્ડ આઈ.ટી. **શાસ્ત્રીય સંગીત :** પ્રથમ ક્રમ : નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ (બી.સી.એ), દ્વિતીય ક્રમ : આર.એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, તૃતીય ક્રમ : એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ – ઈલેક્ટ્રીકલ એન્ડ કોમ્યુનિકેશન. **શાસ્ત્રીય સંગીત (P) :** પ્રથમ ક્રમ : કે.બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, દ્વિતીય ક્રમ : ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (P.G.D.C.A.) તૃતીય ક્રમ : એસ. કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.) **શાસ્ત્રીય સંગીત (NP) :** પ્રથમ ક્રમ : એસ. વી. કૉલેજ ઑફ કોમર્સ, દ્વિતીય ક્રમ : નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ (બી.સી.એ), તૃતીય ક્રમ : એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.) **સમુહ ગીત (ભા.) :** પ્રથમ ક્રમ : ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (B.C.A.) દ્વિતીય ક્રમ : આર.એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, તૃતીય ક્રમ : ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (B.B.A.) **સમૂહ ગીત (પા.)** પ્રથમ ક્રમ : કે.બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, દ્વિતીય ક્રમ : એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ – ઈલેક્ટ્રીકલ એન્ડ કમ્યુનિકેશન તૃતીય ક્રમ : એસ. કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.) **ડિબેટ :** પ્રથમ ક્રમ : શ્રીમતી ચંચળબેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, દ્વિતીય ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ, તૃતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી. **વક્તૃત્વ :** પ્રથમ ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યૂટર સાયન્સ, દ્વિતીય ક્રમ : એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, તૃતીય ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ. **શીઘ્ર વક્તૃત્વ :** પ્રથમ ક્રમ : એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.), દ્વિતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ જર્નાલિઝમ, તૃતીય ક્રમ : આર.એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ. **કવીઝ :** પ્રથમ ક્રમ : એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, દ્વિતીય ક્રમ : એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, તૃતીય ક્રમ : આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ. **કાવ્ય પઠન :** પ્રથમ ક્રમ : એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ – ઈલેક્ટ્રીકલ એન્ડ કોમ્યુનિકેશન, દ્વિતીય ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ, તૃતીય ક્રમ : : વકીલ શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (ગણેશપુરા) એમ.એડ્. કૉલેજ. **કાવ્ય / પાદપૂર્તિ :** પ્રથમ ક્રમ : એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ – કમ્પ્યૂટર એન્ડ આઈ.ટી. દ્વિતીય ક્રમ : ભોળાભાઈ પટેલ કૉલેજ

ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (B.B.A.) તૃતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોઈન્ફોરમેટીકસ. **કોલાજ :** પ્રથમ ક્રમ : કે.બી. ઈન્સ્ટિટયૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ એન્ડ ડી.આર.પટેલ સેન્ટર ફૉર એન્ડવાન્સ્ડ સ્ટડીઝ ઈન ફાર્માસ્યુટીકલ બાયોટેકનોલોજી (M.B.A.), દ્વિતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોઈન્ફોરમેટીકસ, તૃતીય ક્રમ : ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (B.C.A.) **કલે મોડલીંગ :** પ્રથમ ક્રમ : સૂરજબા કૉલેજ ઑફ એયુકેશન, દ્વિતીય ક્રમ : ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (B.C.A.) તૃતીય ક્રમ : ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (B.B.A.) **રંગોળી :** પ્રથમ ક્રમ : સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, દ્વિતીય ક્રમ : એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ – ઈલેકટ્રીકલ, તૃતીય ક્રમ : આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ એમ.એડ્. કૉલેજ. **કાર્ટૂન :** પ્રથમ ક્રમ : એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, દ્વિતીય ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ, તૃતીય ક્રમ : એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન. **પોસ્ટર બનાવટ :** પ્રથમ ક્રમ : શ્રીમતી ચંચળબેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, દ્વિતીય ક્રમ : એસ.કે.પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.), તૃતીય ક્રમ : એસ.વી. ઈન્સ્ટિટયૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ. **શીઘ્ર ચિત્ર સ્પર્ધા :** પ્રથમ ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય ક્રમ : એસ.કે.પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.) તૃતીય ક્રમ : એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન. **લોકનૃત્ય / આદિવાસી નૃત્ય :** પ્રથમ ક્રમ : ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (B.C.A.) દ્વિતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યૂટર સાયન્સ, તૃતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ બાયાટેકનોલોજી. **શાસ્ત્રીય નૃત્ય :** પ્રથમ ક્રમ : એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ – કમ્પ્યૂટર એન્ડ આઈ.ટી., દ્વિતીય ક્રમ : કે.બી. ઈન્સ્ટિટયૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, તૃતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ કોમ્પ્યુટર સાયન્સ. **મિમિક્રી :** પ્રથમ ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય ક્રમ : એસ. વી. કૉલેજ ઑફ કૉમર્સ, તૃતીય ક્રમ : શરદબેન શાંતિભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન. **સ્કીટ :** પ્રથમ ક્રમ : એસ.કે.પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.) દ્વિતીય ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ, તૃતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યૂટર સાયન્સ. **એક પાત્રિય અભિનય :** પ્રથમ ક્રમ : એસ.કે.પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (M.B.A.) દ્વિતીય ક્રમ : ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યૂટર સાયન્સ, તૃતીય ક્રમ : અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ.

## રકતદાન શિબિર

સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગરમાં સ્થિત કાલુપુર કો. ઓ. બેંક લિ., ગાંધીનગર શાખાના ચતુર્થ સ્થાપના દિને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, રેડ કોસ સોસાયટી, અમદાવાદ અને કલોલના હાર્દિક સહયોગથી સામાજિક સેવાના ઉદ્દેશ્યને ધ્યાને લઈ રક્તદાન શિબિરનું આયોજન બેંકના મેનેજર શ્રી સંતોષભાઈ પટેલ તથા કાર્યક્રમના કો–ઓર્ડિનેટર શ્રી સી. એન. શુક્લ દ્વારા તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને સમાજના વિવિધ વર્ગોના વ્યક્તિઓએ ૧૦૫ બોટલ રકતદાન કર્યું હતું. આ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ પ્રા. મિતેષ મોદીના માર્ગદર્શન હેઠળ આવશ્યક કામગીરી કરી હતી.

## રાષ્ટ્રભક્તિ ગાન સ્પર્ધા

'એકતામાં બળ છે' એ કહેવતને ચરિતાર્થ કરવા દેશની એકતા દ્વારા પ્રાપ્ત આઝાદીના ગૌરવપૂર્ણ દિવસની ઉજવણી સંદર્ભે તા. ૧૪ ઓગસ્ટ ના રોજ આર. એસ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજમાં વેશભૂષા સહ રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વક્તૃત્વ સ્પર્ધા

● તા. ૨/૧૦/૨૦૧૨ના રોજ ફાર્મસી કૉલેજ, ગાંધીનગરના બ્રહ્માણી હૉલ ખાતે શ્રી સત્યસાંઈ સંસ્થા દ્વારા જિલ્લા કક્ષાની આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૮ સ્પર્ધકોએ ભાગ લીધેલ. આ સ્પર્ધામાં ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજની એફ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની કુ. સોજીત્રા પ્રિયંકા દ્વિતીય ક્રમે વિજેતા થઈ.

● આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજમાં તા. ૨૮/૭/૧૨ના રોજ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૬ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના વિષયો તરીકે – દેશ – વિદેશમાં તાજેતરમાં બની રહેલી ઘટનાઓ જેમ કે : પ્રદૂષણ અટકાવવાના ઉપાયો, બાળ મજૂરી, મોંઘવારીની સામાન્ય જન–જીવન પર અસર, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું મહત્ત્વ, લંડન ઓલેમ્પિક, માનસિક તણાવ અને તેની મુકિતના ઉપાયો, શિક્ષણ ક્ષેત્રે સંચાર માધ્યમોનો પ્રભાવ અને માનસિક તણાવ અને મુકિત નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે – યોગિની પટેલ, દ્વિતીય નંબરે – મલર અને તૃતીય નંબરે – વૈશાલી રાવલ વિજેતા થયાં હતાં. સ્પર્ધાના અંતે કૉલેજનાં એચ.ઓ.ડી. ડૉ. કુસુમ યાદવે શીઘ્ર વકતૃત્વ કલા વિશે તેમજ પ્રશિક્ષણાર્થીઓની શીઘ્ર વકતૃત્વ શૈલી સંબંધી પ્રતિભાવ રજૂ કર્યો હતો. આ ઉપરાંત તા. ૬ ઓગસ્ટના રોજ કાર્ડ મેકીંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

● ૬ સપ્ટેમ્બરના રોજ સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગર દ્વારા 'એક આદર્શ શિક્ષક' વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, આ સ્પર્ધામાં પૂર્ણિમા પાલ જૂથ પ્રથમ નંબરે વિજેતા થયું હતું. આ ઉપરાંત જિલ્લા તાલીમ અને શિક્ષણ ભવન દ્વારા આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં પણ આ કૉલેજની બે વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. તા. ૭ સપ્ટેમ્બરના રોજ 'આજનો શિક્ષક' વિષય ઉપર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 'મધર ટેરેસા જૂથ' પ્રથમ નંબરે વિજેતા થયું હતું.

### વ્યાખ્યાન

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના ઉપક્રમે તાલીમાર્થીઓમાં વર્તમાન મૂલ્યલક્ષી તેમજ આદર્શ શિક્ષકની વિભાવના સ્પષ્ટ થાય તે હેતુથી ડૉ. રોનકભાઈ શોધનના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. શોધને આદર્શ શિક્ષકની લાક્ષણિકતાઓ વિવિધ ઉદાહરણો દ્વારા આપીને એક આદર્શ શિક્ષક કલાકાર, માળી, આર્કિટેક, ડૉકટર અને હંમેશને માટે હકારાત્મક વિચારો ધરાવનાર હોવો જોઈએ એવા પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા.

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના ઉપક્રમે તાલીમાર્થીઓને 'યોગ અને ધ્યાન' થી જીવનમાં શું ફાયદા છે તે સ્પષ્ટ કરવાના હેતુથી તા. ૨૪/૯/૨૦૧૨ના રોજ વ્યાખ્યાન યોજાઈ ગયું, જેમાં STTI અને G.C.E.R.T. નાં યોગ તજજ્ઞ શ્રી પારૂલબેને યોગની સંકલ્પના, પ્રકાર, નિયમો, યાદશક્તિમાં વધારો કઈ રીતે થઈ શકે,

પોઝિટિવ ઓરા અને એટીટ્યૂડ, મનને નિયંત્રિત કરવું, પ્રાણાયામ માટે અનિવાર્ય પાંચ બાબતો, ધ્યાન, તેમજ શરદી, કેન્સર વગેરેના ઉપચાર યોગ દ્વારા કઈ રીતે થઈ શકે તેની માહિતી આપી હતી.

● તા. ૧૧/૯/૨૦૧૨ના દિવસે આર.એચ. પટેલ ઇંગ્લિશ મિડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરના ફેકલ્ટી મેમ્બર્સ તેમજ પ્રશિક્ષણાર્થીઓએ સાયન્સ સીટી ખાતે યોજાયેલ 'ગીધ જાગૃતિ' (Vulture Awarencess) સંબંધી વ્યાખ્યાનમાળામાં હાજરી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વકતાઓ શ્રી ભરત પાઠક (નિયામકશ્રી ગિર ફાઉન્ડેશન), શ્રી કાર્તિક શાસ્ત્રી, શ્રી જાનકી ટેકી (બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી) તથા શ્રી વિરાંગ વ્યાસ (સાયન્ટિસ્ટ, ગિર ફાઉન્ડેશન) વગેરે દ્વારા ગીધના પ્રકારો, તેનાં ઓળખ ચિહ્નો, રહેઠાણ, સમાજ સેવાનું કાર્ય, તેમની ઘટતી જતી વસ્તી અને સુરક્ષા માટેની જવાબદારીઓ વગેરે વિષય સંબંધી વ્યાખ્યાનો અને પ્રેઝન્ટ્રેશન આપ્યાં હતાં. પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓએ વિશેષ જાણકારી પ્રાપ્ત કરી હતી. બપોર પછીના શેશનમાં સૌએ 'સ્પેશ શટલ' મૂવી જોઈ અવકાશી સાહસનો અનુભવ મેળવ્યો હતો, તેમજ વિજ્ઞાન સંબંધી જાણકારી મેળવી હતી.

## શિક્ષકપર્વ

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં પાંચમી સપ્ટેમ્બરના રોજ સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનના જન્મદિનની 'શિક્ષક દિન' તરીકે ઉજવણી કરવામાં આવી, જેમાં તાલીમાર્થીઓએ સેવક, કલાર્ક, ઉપાચાર્ય અને આચાર્યની ભૂમિકા ભજવી સુંદર કામગીરી બજાવી હતી. પ્રાર્થનાસભામાં શિક્ષક દિનનું મહિમા ગાન કર્યા બાદ તાસ ફાળવણી પ્રમાણે તાલીમાર્થીઓએ શિક્ષણકાર્ય કર્યું હતું. સમાપન કાર્યક્રમ સમયે તાલીમાર્થીઓએ પ્રતિભાવ તથા અનુભવો રજૂ કર્યા હતા. આ પ્રસંગે પ્રા. પારૂલબેન અત્તરવાલા અને પ્રા. અલકાબેન પંચાલે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. આચાર્ય ડૉ. રમેશભાઈ ઉકાવતે શિક્ષકનો ધર્મ અને કર્મ સમજાવી તાલીમાર્થીઓ તથા સ્ટાફ મિત્રોની કામગીરીને બિરદાવી હતી.

● શિક્ષક સમુદાયને સામાજિક મોભો અને પ્રતિષ્ઠા અપાવનાર ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષકદિને સૂરજબા મહિલા બી.એડ્ કૉલેજ, કડીમાં તાલીમાર્થી બહેનો દ્વારા ૫ સપ્ટેમ્બરના રોજ કૉલેજનું સંચાલન કરવામાં આવ્યું હતું. તેમણે સ્વીકારેલી સ્વૈચ્છિક કામગીરી નિષ્ઠાથી નિભાવીને આ પ્રસંગને આનંદદાયક બનાવ્યો હતો.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ), ગાંધીનગર દ્વારા તા. ૫/૯/૧૨ ના રોજ શિક્ષક દિનની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ બહાર લાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે યોજાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ કૉલેજના આચાર્ય, અધ્યાપકો અને બિન-શૈક્ષણિક સ્ટાફની ભૂમિકા નિભાવી હતી. અમદાવાદ રેડિયો મિર્ચી સાથે સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ હન્ટનું પણ આ જ દિવસે બપોરે આયોજન કરવામાં આવ્યું હતું. ગીત, નૃત્ય, ફેશન-શો જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ૨૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તારીખ ૫મી સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા અધ્યાપનની કામગીરી ઉપરાંત પ્રિન્સિપાલથી લઈ પ્યૂન સુધીની તમામ ભૂમિકા નિભાવી હતી. કાર્યક્રમના અંતે ગુટખા મુક્ત

ગુજરાતનો સર્વ વિદ્યાર્થીઓએ સંકલ્પ લીધો હતો. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં પ્રિન્સિપાલ ડૉ. જે. જે. ભટ્ટે શિક્ષકપર્વનું માહાત્મ્ય અને ડૉ. રાધાકૃષ્ણન વિશે માહિતી આપી હતી.

● સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગર દ્વારા ૫મી સપ્ટેમ્બરની ઉજવણી નિમિત્તે તાલીમાર્થીઓ દ્વારા અધ્યાપન તથા વહીવટી કાર્ય તેમજ અલગ – અલગ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રાર્થના સભામાં 'બેટી બચાવો' વિશે નાટક ભજવવામાં આવ્યું હતું.

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા વિશ્વવિખ્યાત ફિલસૂફ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને શિક્ષકદિન તરીકે ઉજવીને તેમના કાર્યને સાચી અંજલિ આપવામાં આવી. આ દિવસે કૉલેજની વિદ્યાર્થિનીઓએ આચાર્ય, અધ્યાપકો અને વહીવટીય કર્મચારીઓની ભૂમિકા ઉત્સાહપૂર્વક સંપન્ન કરી હતી.

● નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ, કડી દ્વારા તા. ૮/૯/૧૨ના રોજ ટીચર્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની કામગીરી કરી હતી. આ વિદ્યાર્થીઓમાંથી મૂલ્યાંકનના આધારે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક નકકી કરવામાં આવ્યો હતો. સાંધ્ય સમયે બી.બી.એ.માં અભ્યાસ કરતા સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે Fresher Partyનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, શિક્ષકપર્વ સંબંધી આયોજિત સમારોહ પ્રસંગે ડાયરેકટર શ્રી સંજયભાઈ શાહ, પ્રિ. વિજયભાઈ ચાવડા અને હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ પ્રા. મહેશભાઈ પટેલેના વરદહસ્તે ટીચર્સ ડે ના વિજેતાઓને ઇનામો આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

## સહઅભ્યાસિક સામાજિક પ્રવૃત્તિ

● સ્વસ્થ સમાજ નિર્માણનો આધાર શિક્ષકો ઉપર રહે છે. શિક્ષક આદર્શ હશે તેવો આદર્શ સમાજ નિર્માણ થશે. સમાજ નિર્માણની આટલી મોટી જવાબદારી જ્યારે શિક્ષક ઉપર રહેતી હોય ત્યારે જ ચાણકયએ કહ્યું હશે 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા' આવા અસાધારણ શિક્ષકના નિર્માણની પ્રક્રિયાના ભાગરૂપે આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરના પરિવાર દ્વારા સમાજની વર્તમાન સ્થિતિનો વાસ્તવિક અનુભવ મેળવવાના હેતુસર વિવિધ બિનસરકારી સંસ્થાઓ (NGO) ની મુલાકાત લેવામાં આવી. તા. ૬/૮/૧૨ના દિવસે પ્રા. સુપ્રિયા બેનરજી તથા ડૉ. રાજેશ શર્મા અને તેમના ગ્રૂપ દ્વારા અંધ–જન મંડળ, અમદાવાદ ની મુલાકાત લઈ તેની સેવાકીય તથા વિદ્યાર્થીઓના વ્યવસાયિક વિકાસઅર્થેની પ્રવૃત્તિઓનો વિગતો પરિચય મેળવ્યો. તા. ૨૪/૮/૧૨ના રોજ એચ.ઓ.ડી. ડૉ. કુસુમ યાદવના નેતૃત્વ હેઠળ વિશ્વજ્યોત અપંગ કન્યા વિદ્યાલય, મોટેરાની મુલાકાત લેવામાં આવી, જ્યાં તેમણે બાળાઓ સાથે નૈતિક મૂલ્યો અને આત્મવિશ્વાસમાં વધારો કરે તેવું કોચિંગ આપ્યું તથા તેમને મહાત્મા મંદિર, ગાંધીનગરમાં યોજાનાર ચેસ પ્રતિયોગિતામાં ભાગ લેવા માટે માર્ગદર્શન આપ્યું. ઉપરાંત તેમની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે જુદી–જુદી રમતો, પ્રાર્થનાઓ, દેશ–ભકિત ગીતો અને ગરબા તથા ડાન્સ કરાવી મનોરંજન પૂરું પાડયું હતું. તા. ૨૯/૮/૧૨ના રોજ પ્રા. વિભા દ્વિવેદી અને તેમના ગ્રૂપ દ્વારા અપંગ માનવ મંડળ, અમદાવાદની મુલાકાત લેવામાં આવી. ત્યાંના હેડ શ્રી પરીખે અપંગ બાળકોની હોસ્ટેલ વ્યવસ્થા, પ્રવેશ, શિક્ષકો, રહેણીકરણી, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, આંતર સમાયોજન તથા તેઓના જીવન–ધોરણ વિષે વિગતે પરિચય કરાવ્યો હતો. તા.

૩૧/૮/૧૨ ના દિવસે પ્રા. ભરત પટેલ તથા તેમના ગ્રૂપે આદર્શ કન્યા વિદ્યાલય પરિવાર સાથે કૃષ્ણા વૃદ્ધાશ્રમ, ગાંધીનગરની મુલાકાત લીધી. આ સંસ્થામાં કોઈ પણ નાત-જાત, ધર્મ, પ્રદેશ, ઊંચ-નીચના ભેદ-ભાવ વગર ગરીબ, નિરાધાર વડીલોને વિના મૂલ્યે આશ્રય આપવામાં આવે છે તે સંબંધી માહિતી મેળવી હતી. પ્રા. વિનિતા અડવાણી અને તેમના ગ્રૂપ દ્વારા કોબા ખાતે આવેલ વૃંદાવન આશ્રમ શાળાની મુલાકાત લેવામાં આવી. તાલીમાર્થીઓએ આશ્રમશાળાના વિદ્યાર્થીઓના નિવાસ અને શિક્ષણ સંબંધી માહિતી મેળવી તેમજ નમૂનારૂપ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ આશ્રમશાળાનાં બાળકો સમક્ષ રજૂ કરી હતી. એચ.ઓ.ડી. ડૉ. કુસુમ યાદવના નેતૃત્વ હેઠળ આયોજિત આ કાર્યક્રમ તાલીમાર્થીઓમાં સામાજિક સદ્‌ભાવના કેળવવાનો અને તેમના જીવન ઘડતરનો એક સ્તુત્ય પ્રયાસ બની રહ્યો.

● એસ. એસ. .પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના તાલીમાર્થીઓએ સ્ટ્રેલેશન દરમ્યાન સામાજિક પ્રવૃત્તિના ભાગરૂપે સમર્પણ મુક-બધિર શાળાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના, ભજન, લોકગીત અને વ્યક્તિ વિશેષ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવનની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને પેન્સિલ, રબ્બર અને બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રી કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડાની મુલાકાત લઈ કેમ્પસ સફાઈની કામગીરી કરવામાં આવી હતી, તેમજ અરવિંદ કેન્દ્ર તથા ઇન્દ્રોડા પાર્કની પણ તાલીમાર્થીઓએ મુલાકાત લીધી હતી.

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજને યુ.જી.સી. તરફથી પ્રાપ્ત થયેલ C.P.E. ની ગ્રાન્ટના અનુસંધાનમાં કૉલેજના તમામ વિષયના વિભાગો દ્વારા એકસટેન્શન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૮/૯/૧૨ થી તા. ૩/૧૦/૧૨ દરમ્યાન ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો જેવાં કે - ગ્રામભારતી, રાંધેજા, માણસા, ઈસનપુર (મોટા) તથા કડી વગેરે સ્થળોએ આ કૉલેજના અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થિનીઓએ જઈને ત્યાંની શાળા, કૉલેજો, ગ્રામ પંચાયતો તથા સામાજિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોના વિકાસ તથા બૌદ્ધિકઉત્કર્ષ અંગેની બહુવિધ પ્રવૃત્તિઓ જેવી કે - વ્યાખ્યાનો, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કાવ્યપઠન, કવીઝ, વક્તૃત્વ, સામાજિક સમસ્યાઓને લગતા નાટકો તથા એકાંકી વગેરેના આયોજનો કરીને જાગૃતિ લાવવાના તથા તેમની સુષુપ્ત શક્તિઓને ચેતનવંતી બનાવવા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવ્યા હતા. કૉલેજનાં આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલની પ્રેરણા અને પ્રોત્સાહન તથા કૉલેજના તમામ વિષયના અધ્યાપકશ્રીઓની જહેમતને કારણે મુલાકાતના દરેક સ્થળે આયોજનો ખૂબ જ સફળ અને ફળદાયી રહ્યાં હતાં.

## સંસ્કૃત સપ્તાહ

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૩૦/૭/૧૨ થી તા. ૭/૮/૨૦૧૨ સુધી સંસ્કૃત વિભાગ દ્વારા 'શૉર્ટ ટર્મ સર્ટિફિકેટ કોર્સ ઈન સંસ્કૃત' તથા સંસ્કૃત સપ્તાહની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સમાં ૭૦ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યાપકોએ સંસ્કૃત પત્રકારિતા, હસ્તપ્રતવિદ્યા, દર્શન, સાહિત્ય, ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારો જેવા વિવિધ વિષયો પર મનનીય વ્યાખ્યાનો રજૂ કર્યાં હતાં. વાસ્તુ તજજ્ઞ શ્રી દિનેશભાઈ રાવલે વિદ્યાર્થિનીઓને વાસ્તુશાસ્ત્ર અંગે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું. પ્રસ્તુત ઉજવણી અંતર્ગત વિદ્યાર્થિનીઓ માટે સ્તોત્રગાન -

શ્લોકગાન, કવીઝ, નિબંધલેખન, ગરબા, સમૂહગાન વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. દરેક સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. તા. ૭/૮/૧૨ના રોજ સમાપન કાર્યક્રમ પ્રસંગે સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા પ્રો. ડૉ. યોગિનીબેન વ્યાસ, પ્રો. ડૉ. રૂપાબેન ચાવડા તથા પ્રો. જયરામભાઈ પટેલે સંસ્કૃત ભાષાના માહાત્મ્ય વિષે ઉદ્‌બોધનો કર્યા હતાં. આચાર્યા ડૉ. અમૃતાબેને પ્રવર્તમાન સમયમાં સંસ્કૃતના મહત્ત્વમાં સૂર પુરાવીને વિદ્યાર્થિનીઓને આશીર્વચન પાઠવ્યાં હતાં.

## સ્ટોક મોર્કટ

નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ (B.B.A.) કડી દ્વારા તા. ૧૪/૯/૧૨ના રોજ B.B.A. માં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે Fundamentals of Stock Market પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં B.S.E. માં થી શ્રી મહેશભાઈ પંડ્યા Expert તરીકે પધાર્યા હતા. તેમણે સૌને Stock Market અને તેના સંચાલનથી અવગત કર્યા હતા. તા. ૧૫/૯/૨૦૧૨ના રોજ Personality Devlopment પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં Bombay Stock Exchange Institute Ltd માંથી શ્રી જગદીશભાઈ બાદલને Expert તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે વ્યક્તિગત વિકાસનાં અલગ અલગ પાસાંઓથી વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા.

## સ્વામી વિવેકાનંદ સાર્ધ જન્મશતાબ્દી

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૯ મી ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતી નિમિત્તે શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજીના 'સ્વામી વિવેકાનંદ : મેસેજ ટૂ ધ યુથ' વિશે પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૭૦ જેટલાં વિદ્યાર્થી ભાઈ–બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રવચન બાદ વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સાંપ્રત સમયમાં સ્વામીજીના વિચારો કેવી રીતે અનુરૂપ છે તે અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. આ કાર્યક્રમનું પ્રસારણ ડી.ડી. ગિરનાર ચેનલ પર તારીખ ૩ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું.

## હિન્દી દિવસ

એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના ઉપક્રમે તા. ૧૪/૯/૧૨ના રોજ હિન્દી ભાષાના ગૌરવ, પ્રચાર–પ્રસારના હેતુસર હિન્દી દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. સદર કાર્યક્રમમાં હિન્દી ભાષામાં પ્રાર્થના, સમાચાર, એકપાત્રિય અભિનય વગેરે ઉમંગભેર રજૂ કરી કૉલેજને હિન્દીમય બનાવી હતી. હિન્દી દિવસની ઉજવણી માટે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે કૉલેજના એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ હિન્દી દિવસના મહત્ત્વ વિશે જાણકારી આપી હતી.

# શાળા વિભાગ

## અભિનયગીત

એમ. વી. પટેલ કન્યા બાલ મંદિર, ગાંધીનગરનાં સિનિયર કે. જી.નાં બાળકો દ્વારા તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ અભિનય ગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું માર્ગદર્શન શ્રી પટેલ વિમળાબેન તથા શ્રી રુદવા રેણુકાબેને પૂરું પાડ્યું હતું. નાનાં ભૂલકાંએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈને તેને દીપાવ્યો હતો.

## કવીઝ

ઓઝોન ડે અંતર્ગત ઓન ધી સ્પોટ કવીઝ કોમ્પિટિશનનું આયોજન ગુજરાત એનવાયરમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (GEMI) દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ દ્વિતીય નંબર સાથે રૂા. ૮૦૦/– નો તેમજ ચિત્ર સ્પર્ધામાં પણ દ્વિતીય નંબર સાથે રૂા. ૮૦૦/– નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો. કવીઝ સ્પર્ધામાં ૧. વાઘેલા હિરેન એન. (ધો.૮/એ), ૨. ભાટી અજયસિંહ બી. (ધો. ૮/ઈ), ૩. ઠકકર લખન એચ. (ધો. ૮/જી) તથા ચિત્ર સ્પર્ધામાં પટેલ ધૃવ શૈલેશભાઈ (ધો. ૮/ઈ) એ ભાગ લીધો હતો.

## ગણિત–વિજ્ઞાન પ્રદર્શન

તા. ૧૨/૯/૧૨ના રોજ સરકારી પ્રાથમિક શાળા, સેકટર–૬, ગાંધીનગર ખાતે ગણિત – વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરેલ ૬ કૃતિઓ પૈકી વિભાગ–૨ : દરિયાના પાણીમાંથી મીઠું, ઊર્જા અને શુદ્ધ પાણી મેળવવું, વિભાગ–૩ : અકસ્માત નિવારણ અને તાત્કાલિક સારવાર પધ્ધતિ, અને વિભાગ–૪ : ભૂકંપની ચેતવણી અંગેની કૃતિઓ જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદગી પામી છે. આ કૃતિઓ ૧. વાઘેલા હિરેન એન. ૨. શાહ નિકુંજ સી. ૩. ભાટી આકાશ એન. ૪. પટેલ આયુષ પી. ૫. સાંગાણી રાહુલ એચ. અને ૬. પટેલ પાર્શ્વ ડી. એ તૈયાર કરી હતી.

## ચેસ સ્પર્ધા

તા. ૩૧/૮/૨૦૧૨ ના રોજ જિલ્લા કક્ષાએ યોજાયેલી ચેસ સ્પર્ધામાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર ના વિદ્યાર્થી પાઠક રૂદ્ર શ્વેતલભાઈ (ધો. ૬/એ) ચોથા ક્રમ સાથે પ્રથમ પાંચમાં સ્થાન મેળવી રાજ્યકક્ષાની ચેસ સ્પર્ધા માટે પસંદ થયેલ છે.

## તરણ સ્પર્ધા

૫૪મી ગુજરાત એકવેટિક ચેમ્પિયનશીપ સ્પર્ધા ગુજરાત વિદ્યાપીઠના સ્વીમિંગપૂલમાં તા. ૮–૯ સપ્ટેમ્બર, ૨૦૧૨ ના દિવસોમાં યોજાઈ ગઈ, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિની રાઠોડ પ્રીતિ પ્રેમજીભાઈ (ધો. ૧૦/એ) ૪ x ૧૦૦ મી ફ્રી સ્ટાઈલ રીલે અને ૪ x ૧૦૦ મી. મીડલ રીલે સ્પર્ધાઓમાં તૃતીય સ્થાને વિજેતા થઈ.

## નિબંધ સ્પર્ધા

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. જી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરમાં ''તમારી માતાને હસાવો'' વિષય ઉપર તા. ૧૫/૯/૨૦૧૨ના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતાને હસાવવા માટે શું કરી શકાય તે બાબતને કેન્દ્રમાં રાખી વિદ્યાર્થિનીઓએ પોતાના વિચારો અભિવ્યકત કર્યાં હતા. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓમાંથી માધ્યમિક અને ઉ.મા. વિભાગમાંથી નિબંધ લેખનમાં મૌલિક અને ઉત્કૃષ્ટ વિચારો રજૂ કરનાર દસ–દસ વિદ્યાર્થિનીઓનાં નામ હરીફાઈના આગળના વિભાગમાં મોકલવા માટે પસંદ કરવામાં આવ્યાં હતાં. નિબંધ લેખન સ્પર્ધા માટે શાળાના ભાષા શિક્ષકો દ્વારા વિદ્યાર્થિનીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગાંધીમિત્ર વર્તુળ, ગાંધીનગર દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં વિદ્યાર્થિની પરમાર લીના વી. પ્રથમ ક્રમે અને ચૌધરી ખ્યાતિ પી. તૃતીય ક્રમે વિજેતા થતાં તેમને અનુક્રમે રૂ. ૫૦૦/– અને રૂ. ૨૦૦/– નું રોકડ ઇનામ ઉપરાંત ગાંધીદર્શન સંબંધી પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં માટે આયોજિત ઈનામ વિતરણ સમારોહ જાણીતા સાહિત્યકાર શ્રી દલપત પઢિયારના મુખ્ય મહેનમાનપદે તેમજ કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ

પટેલ, શ્રી વડિયા વગેરેની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં જીવનમાં ગાંધીવિચારની ઉપયોગિતા વિશે સમજાવ્યું હતું.

## પર્યાવરણ જાગૃતિ

પર્યાવરણ જાગૃતિ કેળવાય તે હેતુથી ગીર ફાઉન્ડેશન દ્વારા ઇન્દ્રોડા પાર્ક, ગાંધીનગરમાં તા.૨૩ થી ૨૫ ઓગસ્ટ, ૨૦૧૨ દરમ્યાન એન્વાયરમેન્ટ એજ્યુકેશન સંદર્ભે તાલીમ શિબિર યોજાઈ ગઈ. જેમાં ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ વિભાગના શિક્ષકો સર્વ શ્રી અનિલભાઈ બી. પટેલ, શ્રી જયેશભાઈ આર. કાપડિયા તથા શ્રી અલ્પેશભાઈ આર. પરમારે ભાગ લીધો. આ શિબિર દરમ્યાન પર્યાવરણ દ્વારા સ્લાઈડોના નિદર્શનના માધ્યમથી અસરકારક રીતે વકતવ્યો આપી સમજૂતિ આપવામાં આવી હતી તેમજ આ બાબત વિદ્યાર્થીઓ સમક્ષ કઈ રીતે રજૂ કરી જાગૃતિ ફેલાવવી તેની પણ સમજ આપી હતી.

## પ્રસારણ

● આધુનિક ટેકનોલોજીના વિનિયોગથી શિક્ષણપદ્ધતિ વધુ અસરકાર બનાવવાના હેતુસર ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 'BISAG' ના માધ્યમથી વિવિધ કક્ષા અને વિષયો ઉપરના પાઠોનું પ્રસારણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ અન્વયે શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. જી. પટેલ કન્યા ઉ. મા. શાળાનાં મદદનીશ શિક્ષકા શ્રીમતી રશ્મિબેન જી. પટેલની પસંદગી થતાં ધોરણ ૧૧ અને ૧૨ ના અર્થશાસ્ત્ર વિષયના તેમના ૭ પાઠોનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ શાળાના ગણિત શિક્ષકશ્રી દિનેશભાઈ એચ. પટેલની ધોરણ–૯ના ગણિત વિષયનો પાઠ આપવા માટે પસંદગી થતાં તેમણે તા. ૨૦ તથા ૨૧/૭/૧૧ ના દિવસોમાં ગણક્રિયાઓ એકમનો પાઠ આપ્યો હતો. જેનું 'BISAG' ધ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

## પ્રખરતા શોધ કસોટી

ફેબ્રુઆરી ૨૦૧૨માં લેવાયેલ પ્રખરતા શોધ કસોટીમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા વિદ્યાલય, ગાંધીનગરની વિદ્યાર્થિની કાનડિયા કરમનિષ્ઠા (હાલ ધોરણ – ૧૦/એ) અંગ્રેજીમાં ૩૮.૦૩ માર્કસ અને પર્સન્ટાઈલ રેન્ક ૯૯.૩૨ મેળવ્યા. આ સિદ્ધિ બદલ તેને સર્ટિફિકેટ અને ડીઈઓ તરફથી રૂ. ૫૦૦/–નો પુરસ્કાર મળશે.

## બાળમહોત્સવ

શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલ મંદિર, ગાંધીનગરમાં જૂન, ૨૦૧૨માં બાળકોનો પ્રવેશ મહોત્સવ તેમજ જુલાઈ–ઓગસ્ટ, ૨૦૧૨માં મેહુલિયો, વૃક્ષારોપણ તથા જંગલનાં પ્રાણીઓ સંબંધી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## રમત-ગમત

● શ્રીમતી કે. એ. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના વિદ્યાર્થીઓએ વિવિધ રમત-ગમત સ્પર્ધાઓમાં ભાગ લેતાં **ચેસ**માં સહાની રાહુલ, પટેલ સુકેશ, સિંઘ સચીન, સૈફ અલી અને ચંદ્રશેખર સિંઘ; **વોલીબોલ**માં પટેલ ધારા; ખો–ખોમાં પટેલ અમી અને ઉર્વી; **વોલીબોલ** બહેનો U – ૧૪માં પટેલ આજ્ઞા, જાડવાની જુઈ, માથો પિંકી અને અત્રી શિવાની; **વોલીબોલ** U – ૧૪ ભાઈઓમાં પટેલ તરુણ, સંકેત, પાલ મનીષ; અને **એથલેટીકસ** U – ૧૪ માં ૨૦૦ મી દોડમાં સિંઘ રાહુલ; અને U – ૧૪માં પટેલ જૈમિન ૧૧૦ મી. **હડલ** સ્પર્ધા માટે રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે.

● ગાંધીનગર જિલ્લા કક્ષાએ રમાયેલ એથ્લેટિકસની વિવિધ રમતોમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થી રાવત અમિત કિરણભાઈએ **ગોળાફેંક** સ્પર્ધામાં બીજો નંબર તથા ૧૦૦ મીટર **દોડમાં** ડાભી અજયસિંહ ડી. એ બીજો નંબર પ્રાપ્ત કરેલ છે.

## વક્તૃત્વ સ્પર્ધા

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૬/૮/૧૨ના રોજ આરાધના હાઈસ્કૂલ, સેકટર-૨૮ ખાતે QDC કક્ષાની વકતૃત્વ તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ શાળાની ધોરણ-૧૧/એ ની વિદ્યાર્થીની સુમેસરા કિંજલે વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ છે.

## વિજ્ઞાનમેળો

મૃદુલાબેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાં વિભાગ-૧માં ઔદ્યોગિકરણ દ્વારા ઉદ્ભવતા ધુમાડાનું શુદ્ધીકરણ તથા વિભાગ-૨ માં બાયોગેસ પ્લાન્ટની કૃતિ રજૂ કરવામાં આવી હતી.

## શિક્ષકપર્વ

● તા. ૫/૯/૨૦૧૨ ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં 'સ્વયંશિક્ષણ દિન'ની ઉજવણી કરવામાં આવી. આ દિવસે શાળાનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ તેમના વિષયવસ્તુ માટે ઘણા દિવસથી તૈયારીઓ કરી હતી, જે આજના દિવસે તેમના વર્ગખંડોમાં જોવા મળી હતી. પ્રથમ પાંચ તાસ સુધી ચાલેલા શિક્ષણકાર્યમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ પૈકી ૧. ચૌધરી અનિષા આર. (ધો. ૮/ઈ, અંગ્રેજી), ૨. ઠાકર કવન વી. (ધો. ૮/એ, અંગ્રેજી/હિન્દી) અને ૩. પટેલ આચલ બી. (ધો. ૭/બી, ગણિત) ને શ્રેષ્ઠ શિક્ષકો તરીકે પસંદગી કરી ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. આચાર્યશ્રી દશરથભાઈ કે. પટેલે શિક્ષકપર્વ સંબંધી ઉદ્બોધન કર્યું. તેમણે જણાવ્યું હતું કે શિક્ષક અને સમયમાં પાતળો ભેદ છે જેમાં શિક્ષક શીખવીને પરીક્ષા લે છે જ્યારે સમય પરીક્ષા લઈને શીખવે છે. શિક્ષક સામાન્ય માણસ કરતાં અસામાન્ય છે તે દૃષ્ટાંત સાથે સમજાવી શિક્ષકની ગરિમાને ઉજાગર કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પણ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

● શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિર, ગાંધીનગરમાં તા. ૫/૯/૧૨ ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ શિક્ષક, આચાર્ય, સુપરવાઈઝરની ભૂમિકા ભજવીને અમૂલ્ય આનંદ માણ્યો હતો. આ ઉપરાંત શિક્ષક દિન નિમિત્તે ફાળો એકત્ર કરીને જમા કરાવવામાં આવ્યો હતો.

● તા. ૫/૯/૧૨ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા, ગાંધીનગર ખાતે 'શિક્ષક દિન' ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી, જેમાં શાળાના વિદ્યાર્થીઓએ, આચાર્ય, ઉપાચાર્ય, શિક્ષકો, કારકુન અને સેવક ભાઈઓની જવાબદારી સંભાળી શિક્ષણ કાર્ય સાથે શાળાનું સંચાલન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પણ સ્વયં શિસ્ત જાળવી સહકાર આપ્યો હતો. છેલ્લા બે તાસ દરમિયાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિવિધ જવાબદારીઓ સંભાળનાર વિદ્યાર્થીઓને આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે અભિનંદન પાઠવી શ્રેષ્ઠ શિક્ષકો બને તેવી શુભેચ્છાઓ પાઠવી કરી હતી.

● શ્રીમતી કે. એ. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી દ્વારા તા. ૫ મી સપ્ટેમ્બરે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ અધ્યાપન અને શાળા સંચાલનની જવાબદારી વહન કરી હતી.

● મૃદુલાબેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થિનીઓએ શિક્ષક, કલાર્ક તથા સેવક તરીકેની ફરજ બજાવી હતી. શાળાનાં આચાર્યાશ્રી નીરુબેન પટેલે ૫ મી સપ્ટેમ્બરનું મહત્ત્વ તથા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશે વિદ્યાર્થિનીઓએ સમજણ આપી હતી.

## શૈક્ષણિક પ્રવાસ

શ્રીમતી કે. એ. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસ દરમ્યાન માઉન્ટ આબુના ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રવાસમાં ૫૪ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## સૌંદર્ય સ્પર્ધા

શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. જી. પટેલ કન્યા ઉ. માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિની કુરેશી ગુલિસ્તા સહીદભાઈ (ધો. ૧૨/ડી) એ તા. ૨૧ જુલાઈના રોજ ગાંધીનગરમાં આયોજિત 'મીસ ગાંધીનગર' ની સ્પર્ધામાં સેકન્ડ રનર્સ-અપ પદે વિજેતા થઈ.

## સ્વાતંત્ર્યપર્વ

તા. ૧૫/૮/૨૦૧૨ ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા ૬૬મા સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજના આચાર્ય ડૉ. જયેન્દ્રભાઈ જે. ભટ્ટના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ અને શાળા - પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્ય. અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરની ૨૬૦ વિદ્યાર્થિનીઓએ ૧૫ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ રાજભવન તથા હેલીપેડ ખાતે ઊજવવામાં આવેલ ૬૬મા સ્વાતંત્ર્યદિનના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાજભવનમાં મહામહિમ રાજ્યપાલ શ્રીમતી કમલા બેનીવાલ દ્વારા ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. પ્રભારી સચિવશ્રી સંજય પ્રસાદ દ્વારા હેલીપેડ ખાતે ધ્વજવંદન કરી ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. શાળાની વિદ્યાર્થિનીઓએ વિવિધ વેશભૂષા દ્વારા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ, રાણી લક્ષ્મીબાઈ, ભારતમાતા જેવી પ્રતિકૃતિઓ રજૂ કરી હતી. લોકોમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિ જાગૃત થાય તે બાબત ધ્યાનમાં લઈ ત્રણે ફ્યુઝન ગીતો પર વિદ્યાર્થિનીઓએ ડાન્સ રજૂ કર્યો હતો. આ ઉપરાંત તા. ૧૪/૮/૧૨ના રોજ જૂનાગઢ ખાતે ૬૬ મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણીના ભાગરૂપે આયોજિત કાર્યક્રમમાં ધોરણ-૧૦ ની વિદ્યાર્થિનીઓ ૧. ઝીલ પી. પટેલ, ૨. નિધિ એસ. પટેલ, ૩. ઋત્વા આર. પટેલ અને ૪. હેલી પી. પટેલે ભાગ લીધો હતો. આ ચારેય વિદ્યાર્થિનીઓએ રાજ્યના મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં સોમનાથ મંદિરના ઇતિહાસ પર ચૌલાદેવીના પાત્રમાં ભરતનાટ્યમની કૃતિ 'આડવું અને તિરમાણમ' પ્રોગ્રામ રજૂ કર્યો હતો. આ બદલ રાજ્ય સરકાર તરફથી ભાગ લેનાર ચારેય વિદ્યાર્થિનીઓને રૂ. ૨૦૦૦/- રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યો હતો.

● મૃદુલાબેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ૬૬ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આર. જી. કન્યા શાળાનાં ભૂતપૂર્વ આચાર્યાશ્રી કૌશલ્યાબેન પરીખ હાજર રહ્યાં હતાં. તેમણે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં સ્વાતંત્ર્ય સંગ્રામની ઝાંખી કરાવી વિદ્યાર્થીઓને સ્વદેશાભિમાની બનવાની શીખ આપી હતી. આ કાર્યક્રમમાં શ્રીમતી એચ. વી. કન્યા બાલમંદિર, શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળા તથા શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જોડાઈ હતી.

ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯

પ્રકાશક : કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫ ફોન : ૨૩૨૪૪૬૯૦




યુવા મહોત્સવ સંગત – ૨૦૧૨ પ્રસંગે આયોજિત રેલીનાં બે દૃશ્યો







યુવા મહોત્સવ સંગત – ૨૦૧૨ પ્રસંગે રજૂ થયેલ સાંસ્કૃતિક પ્રવૃત્તિનું એક દૃશ્ય

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 2, Issue No. 5 September-October, 2012
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016




યુવા મહોત્સવ સંગત – ૨૦૧૨ પ્રસંગે આયોજિત રેલીનું પ્રસ્થાન કરાવતા
કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ

